| | |
|---|---|
| ફાઇલ તારીખઃ | ૨૩/૦૯/૨૦૨૩ |
| દાખલ તારીખઃ | ૨૩/૦૯/૨૦૨૩ |
| ફેંસલ તારીખઃ | ૧૧/૦૩/૨૦૨૬ |
| અવધિઃ | <u>વર્ષ માસ દિવસ</u> |

**સુરતના મહેરબાન વિશેષ ન્યાયાધીશ (પોકસો કેસ) અને છઠ્ઠા અધિક સત્ર ન્યાયાધીશશ્રીની ફાસ્ટ ટ્રેક સ્પેશીયલ કોર્ટ સમક્ષ, સુરત.**

**<u>ફોર્મ– "એ"</u>**

**આંક–**

| | |
|---|---|
| **<u>પોકસો કેસ નં. ૨૧૮/૨૦૨૩</u>**<br>**(સરથાણા પોલીસ સ્ટેશન એ. ગુ. ર. નં. ૧૧૨૧૦૦૦૮૨૩૧૩૭૦/ ૨૦૨૩ થી ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન), ૩૭૬(૩), ૫૦૬(૨) તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સ એકટ ૨૦૧૨ ની કલમ–૩(એ), ૪, ૫ (જે)(ii), ૫(એલ), ૬, ૮, ૯(એલ), ૧૦, ૧૨, ૧૮ મુજબ)** | |
| **ફરીયાદ પક્ષ** | **શ્રી સરકાર.**<br>મુળ ફરીયાદીઃ–ભોગબનનારની માતા ઉ.વ.૪૫, ધંધો–ઘરકામ<br>રહે– સુરત શહેર. |
| **વિ. એ.પી.પી.શ્રી.** | **વિ. એલ. ફળદુ** |
| **આરોપી** | **પપ્પુકુમાર રાધેશ્યામ ગુપ્તા,**<br>ઉ.આ.વ.૨૪, ધંધો–મજુરીકામ,<br>રહેઃ–મદનભાઇ ગુપ્તાની ગણેશ પસ્તી ભંડાર નામની દુકાનમાં પ્રજભુમિ બસ પાર્કિંગમાં લટુરીયા ચોક પાસે, સરથાણા, સુરત.<br>મુળ રહે–પરસૌવની, પો. પરસૌવની, તા.ટમ્મપુહીરાજ, |

| | |
|---|---|
| | થાના–તરીયા સુજાન, જિ.કુશીનગર(યુ.પી.) |
| **આરોપી તરફે વિ.વ.શ્રી** | **એલ.એ.ડી.સી. શ્રી એ.એન.પંચોલી** |

## ફોર્મ– "બી"

| | |
|---|---|
| ગુનાની તારીખ | સને – ૨૦૨૨ નવેમ્બર માસથી સને – ૨૦૨૩ ના જુલાઇ માસ દરમ્યાન |
| એફ.આઈ.આર.ની તારીખ | ૨૬/૦૮/૨૦૨૩ |
| ચાર્જશીટ દાખલ તારીખ | ૨૩/૦૯/૨૦૨૩ |
| તહોમતનામું ઘડયાની તારીખ | ૨૮/૦૨/૨૦૨૪ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૧૩/૦૩/૨૦૨૪ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | ૦૭/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો | ૧૧/૦૩/૨૦૨૬ |

## આરોપીની વિગત

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર છૂટયાની તારીખ | ગુનાનો આરોપ મૂકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવા માં આવી | ફો.કા.સં કલમ – ૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **પપ્પુકુમાર રાધેશ્યામ ગુપ્તા** | ૨૭–૮–૨૦૨૩ | યુ. ટી. પી. | ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન), ૩૭૬(૩), ૫૦૬(૨) તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સ એકટ ૨૦૧૨ ની કલમ–૩(એ), | દોષિત. ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૫૦૬ તથા ધી પ્રોટેકશન | આખરી હુકમ મુજબ | આખરી હુકમ મુજબ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૪, ૫(જે)(ii), ૫(એલ), ૬ મુજબ. | ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ એક્ટ ૨૦૧૨ ની કલમ– ૩(એ), ૪(૨), ૫(જે)(ii), ૫(એલ),૬ મુજબ. | | |

## મુદ્દામાલની વિગતઃ–

**મુ.મા.પાવતી નં. ૦૦/ તા.૨૭.૦૮.૨૦૨૩**

| ક્રમ નં | મુદ્દામાલની વિગત | આંક/ માર્ક | રજુ કરનાર સાહેદ નં. |
|---|---|---|---|
| ૦૧ | એક પિસ્તા કલરની ડીઝાઇનવાળી હોય છે તે ટોપ નંગ–૧ છે તે જેની કિમત રૂ.૦૦/૦૦. | એ/૧ | ૪,૬,૧૨, ૧૪ |
| ૦૨ | એક આસમાની કલરનું જીન્સ પેન્ટ છે તે જેની કિમત રૂ.૦૦/૦૦. | એ/૨ | ૪,૬, ૧૨,૧૪ |
| ૦૩ | એક ગ્રે કલરની બ્રા છે તે જેની કિમત રૂ. ૦૦/૦૦. | એ/૩ | ૪,૬, ૧૨,૧૪ |
| ૦૪ | એક કાળા કલરની ફ્રોચ જાંગીયો જેમાં બ્લુ તથા સફેદ કલરની ડિઝાઇન છે તે જેની કિં.રૂ.૦૦/૦૦ | એ/૪ | ૪,૬, ૧૨,૧૪ |
| ૦૫ | એક OPPO કંપનીનો નેવી બ્લયુ કલરનો A74 5G મોડલનો મોબાઇલ ફોન જેમાં IMEI No. 868896056188376, 868896056188368 છે જેમાં સીમકાર્ડ નથી,જેની કિં.રૂ.૫,૦૦૦ | એ/૫ | ૪, ૬ |
| ૦૬ | એક DVD જેના ઉપર Moserbaer લખેલ છે જેમાં સાત અલગ અલગ ફાઇલ હોય જે વિડીયો ફાઇલમાં આરોપી ભોગ બનનારને શ્રીપેલેસ હોટલમાં લઈ જતો તથા આવતો દેખાય છે.જેની કિં.રૂ.૦૦/૦૦૦ | એ/૬ | ૬, ૧૪ |
| ૦૭ | એક લીલા બદામી કલરનું ઉભા પટ્ટાવાળું આખી બાયનું શર્ટ જેના કોલરના ભાગે Artistosurat લેબલનો માર્કો છે તે કિં.રૂ.૦૦/૦૦ | બી/૧ | ૬,૧૨, ૧૪ |

| | | | |
|---|---|---|---|
| ૦૮ | એક કાળા કલરનું ફોર્મલ પેન્ટ છે તે કિં.રૂ.૦૦/૦૦ | બી/૨ | ૬,૧૨,૧૪ |
| ૦૯ | બ્લયુ કલરનો જાંગીયો જેની કમરની ઇલાસ્ટીક પટ્ટી પર Nofuss લખેલ છે જે તમામ વસ્તુને ફેરવી ફેરવી જોતાં કોઇ વાંધા કે બીજા નોંધપાત્ર ચિન્હો જણાયેલ નથી.જેની કિં.રૂ.૦૦/૦૦ | બી/૩ | ૬,૧૨,૧૪ |
| ૧૦ | એક સેમસંગ કંપનીનો નેવી બ્લયુ કલરનો ગેલેક્ષી M31 મોડલનો મોબાઇલ ફોન જેનો IMEI નંબર જોતાં 352691180561870(2) 353094920561871 ના છે જેમાં જીયો કંપનીનું સીમકાર્ડ જેના નંબર ૮૭૯૯૧૫૫૩૪૬ ના છે જે તમામ કપડાઓને અલગ અલગ કાપડની થેલીઓમાં તથા મોબાઇલને એક પ્લાસ્ટીકના ડબ્બામાં સીલબંધ છે તે કિં.રૂ.૫,૦૦૦/- | બી/૪ | ૬ |

## (એ) ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવા-

| અનુક્રમ નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | ભોગબનનારની માતા | ફરીયાદી | ૧૧ |
| ૨ | ડૉ.અમિષા સૌરીન ધીવાલા | સાહેદ(ભોગબનનાર ની મેડીકલ તપાસ કરનાર) | ૧૩ |
| ૩ | ડૉ.રાજેશ હિરાલાલ ખત્રી | સાહેદ(આરોપીની મેડીકલ તપાસ કરનાર) | ૧૭ |
| ૪ | ભોગ બનનાર | સાહેદ | ૨૧ |
| ૫ | ભોગ બનનારના પિતા | સાહેદ | ૨૮ |
| ૬ | પ્રશાંતકુમાર ગોરધનભાઇ હિન્સુ | પંચ સાહેદ | ૨૯ |
| ૭ | જયસુખભાઇ ભવાનભાઇ સીસારા | સાહેદ(શ્રી પેલેસ હોટલના માલિક) | ૪૭ |
| ૮ | અંકિતભાઇ મીરાજીભાઇ ગામીત | સાહેદ(શ્રી પેલેસ હોટલમાં નોકરી) | ૪૯ |
| ૯ | સંજય શંભુભાઇ બલદાણીયા | સાહેદ(મેરીટલઓયો હોટલના મેનેજર) | ૫૦ |
| ૧૦ | વિવેક કનુભાઇ ડોબરીયા | સાહેદ(વ્હાઇટ | ૫૨ |

| | | | |
|---|---|---|---|
| | | હાઉસ ઓયો હોટલ ના મેનેજર) | |
| ૧૧ | પ્રકાશભાઇ નારસીંગભાઇ સંગાડા | પી.એસ.ઓ. | ૫૪ |
| ૧૨ | કલ્પેશભાઇ કાંતિલાલ મોઢ | એફ.એસ.એલ. અધિકારી | ૫૬ |
| ૧૩ | અશ્વિનભાઇ અનિલભાઇ ગામીત | સાયન્ટીફિક ઓફિસર | ૬૧ |
| ૧૪ | કુલદિપસિંહ અજીતસિંહ ચાવડા | તપાસનીશ અધિકારી | ૬૩ |
| ૧૫ | અભેસિંહજી ગમુજી રાજપુત | પોલીસ સાહેદ | ૭૪ |
| ૧૬ | રાજુસિંહ ચંદનસિંહ ચુડાવત | જન્મ-મરણ રજીસ્ટ્રાર અધિકારી | ૭૭ |

## (બી) બચાવપક્ષે જો સાહેદ હોય તો,

| અનુક્રમ નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| Nil | | | |

## (સી) કોર્ટ સાહેદ જો કોઇ હોય તો,

| અનુક્રમ નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| Nil | | | |

## <u>ફરિયાદપક્ષે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા</u>

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક | રજુ કરનાર સાહેદ નંબર |
|---|---|---|---|
| ૧ | ફરિયાદ | ૧૨ | ૧,૧૧ |
| ૨ | ભોગ બનનારની મેડીકલ ચકાસણી કરવાની પોલીસ યાદી | ૧૪ | ૨ |
| ૩ | ભોગ બનનારનું મેડીકલ સારવાર સર્ટીફિકેટ | ૧૫ | ૨ |
| ૪ | આરોપીની મેડીકલ ચકાસણી કરવાની યાદી | ૧૮ | ૩ |
| ૫ | આરોપીના મેડીકલ પેપર્સ | ૧૯ | ૩ |
| ૬ | આરોપીનું મેડીકલ સર્ટીફિકેટ | ૨૦ | ૩ |
| ૭ | ભોગ બનનારનું સી.આર.પી.સી.ની કલમ- | ૨૬ | ૪ |

| | | | |
|---|---|---|---|
| | ૧૬૪ મુજબનું નિવેદન, સમંતિપત્રક, બર્થ સર્ટીફીકેટ | | |
| ૮ | ભોગબનનારની ઉલટતપાસ દરમ્યાન રીફર કરેલ એનેક્ષર–બી ઈમેજ શીટ નં. ૧ થી ૧૩ ના ફોટોગ્રાફ | ૨૮ | ૪ |
| ૯ | આરોપીની શરીરસ્થિતિ તથા અટક પંચનામુ | ૩૦ | ૬ |
| ૧૦ | આરોપીના બનાવ વખતના કપડા તથા મોબાઇલ અંગેનું પંચનામુ | ૩૧ | ૬ |
| ૧૧ | મુદ્દામાલ આર્ટી.નં.૧ થી ૪ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલીઓ | ૩૨થી ૩૫ | ૬,૧૪ |
| ૧૨ | ભોગ બનનારનું બનાવ વખતે પહેરેલા કપડાં તથા મોબાઇલ અંગેનું પંચનામુ | ૩૬ | ૬ |
| ૧૩ | મુદ્દામાલ આર્ટી.નં.૯ થી ૧૩ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલીઓ | ૩૭થી ૪૧ | ૬,૧૪ |
| ૧૪ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ ( હોટલ્સ) | ૪૨ | ૬,૧૪ |
| ૧૫ | ડીવીડી કબજે કર્યા અંગેનું પંચનામુ | ૪૩ | ૬,૧૪,૧૫ |
| ૧૬ | ડીવીડી | ૪૪ | ૬,૮,૧૪ |
| ૧૭ | ડીવીડીમાંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી | ૪૫ | ૬,૧૪ |
| ૧૮ | ભોગબનનારના મેડીકલ સર્ટીફીકેટ | ૪૬ | કબુલાતથી |
| ૧૯ | ગુમાસ્તાધારાનું લાયસન્સ તથા તેની સાથે રજૂ હોટલના રજિસ્ટરના ઉતારાની નકલ સંયુકત | ૪૮ | ૭ |
| ૨૦ | મેરીટલ ઓયો હોટલનું ગુમાસ્તા ધારાની લાયસન્સની નકલ તથા હોટલના ઉતારાની નકલ | ૫૧ | ૯ |
| ૨૧ | વ્હાઇટ હાઉસ ઓયો હોટલનું ગુમાસ્તા ધારાની લાયસન્સની નકલ તથા ભોગ બનનાર અને આરોપીના આધારકાર્ડની નકલ | ૫૩ | ૧૦ |
| ૨૨ | સ્ટેશન ડાયરીના ઉતારાની નકલ | ૫૫ | ૧૧ |
| ૨૩ | એફ.એસ.એલ.ની પહોંચો | ૫૭થી ૫૯ | ૧૨,૧૪ |
| ૨૪ | FSL નો ફોરવર્ડીંગ પત્ર અને બાયોલોજી તથા સીરોલોજીકલ અહેવાલ | ૬૦ | ૧૨,૧૪ |

| | | | |
|---|---|---|---|
| ૨૫ | ફોરવર્ડીંગ પત્ર સાથે ડી.એન.એ.અભિપ્રાય | ૬૨ | ૧૩,૧૪ |
| ૨૬ | ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર તથા સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ તથા રજીસ્ટરના ઉતારાની નકલ. | ૬૪, ૬૫ | ૧૪ |
| ૨૭ | શ્રીપેલેસના સીસીટીવી ડીવીડી રજૂ કરેલ તેનું કલમ–૬૫(બી) મુજબનું સર્ટીફિકેટ | ૬૬ | ૧૪,૧૫ |
| ૨૮ | કલમ ઉમેરાનો રિપોર્ટ | ૬૭, ૬૮ | ૧૪ |
| ૨૯ | રવાનગી નોંધ | ૬૯ | ૧૪ |
| ૩૦ | FSL કચેરીએ મુદ્દામાલ ફોનોનું પરીક્ષણ કરી તેમાંથી જે ગુનાહિત ફોટોગ્રાફ અને વિડીયો મળેલા તેનુ પરીક્ષણ કરી આપેલ અહેવાલ તથા તેની સાથે કલમ–૬૫(બી) નું સર્ટીફિકેટ | ૭૦ | ૧૪ |
| ૩૧ | FSL કચેરીએ મુદ્દામાલ ફોનોનું પરીક્ષણ કરી તેમાંથી જે ગુનાહિત ફોટોગ્રાફ અને વિડીયો મળેલા તેનુ પરીક્ષણ કરી તેની સીડી | ૭૧, **૨૮** | ૧૪ |
| ૩૨ | ભોગ બનનારના જન્મની નોંધણી અંગેની અરજી તથા તેની સાથે રજૂ કરેલા સાધનિક કાગળો તેમજ જન્મ અંગેની જરૂરી નિયત ફોર્મ નં.૫ ભરી અને જન્મ રજિ.માં નોંધ નં.૩૮ થી કરેલી અને જન્મ સર્ટીફિકેટ ઈસ્યુ | ૭૮ | ૧૬ |

**<u>બી–બચાવપક્ષે દસ્તાવેજી પુરાવાનું લિસ્ટઃ–</u>**

| **ક્રમ** | **આંક/ નિશાની** | **દસ્તાવેજનું વર્ણન** | **રજૂ કરનાર /સાહેદ નંબર** |
|---|---|---|---|
| NIL | | | |

**<u>સી–કોર્ટ તરફે દસ્તાવેજી પુરાવાનું લિસ્ટઃઃ–</u>**

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજનું વર્ણન** |
|---|---|---|
| –– | ––– | ––––– |

## <u>– ચુ કા દો –</u>

૧. નામ. સુપ્રિમ કોર્ટના નિપુન સકસેના વિરૂધ્ધ ભારત સરકાર (૨૦૧૯)

૨ એસ.સીસી. ૭૦૩ પર પ્રસિધ્ધ થયેલા ચુકાદામાં નામ. સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ આ પ્રકારના કેસોમાં ભોગબનનારની ઓળખ છતી ન થાય તે હેતુથી તેનું તથા તેના માતા પિતાનું નામ લખેલ નથી પરંતુ તેઓનું ભોગબનનાર સાથે સબંધ દર્શાવેલ છે.

૨. સદર કામના આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ – ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન), ૩૭૬(૩), ૫૦૬(૨) તથા જાતિય હિંસાથી બાળકોના રક્ષણ અધિનિયમ ૨૦૧૨ (જેને હવે પછી 'પોકસો' એકટ તરીકે સંબોધવામાં આવેલ છે) ની કલમ – ૩(એ), ૪, ૫(જે)(ii), ૫(એલ), ૬, ૮, ૯(એમ), ૧૦, ૧૨, ૧૮ મુજબના શિક્ષાપાત્ર ગુનાનો આક્ષેપ છે.

૩. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

આ કામના ફરિયાદીની દિકરી ભોગ બનનાર ફરિયાદના પંદરેક દિવસ પહેલાંથી સતત ટેન્શનમાં અને ગુમસુમ રહેતા હોય, જેથી ફરિયાદ કરી તે દિવસે ભોગ બનનાર સવારે વહેલાં ઉઠીને પથારીમાં માથું પકડીને બેસી રહેલ હોય અને કોઇ ચિંતામાં હોય, જેથી ફરિયાદી કે જેણી ભોગ બનનારની માતા છે, તેણીએ ભોગ બનનારને પ્રેમથી તેણીની આ સ્થિતિ અંગે પુછપરછ કરતાં, ભોગ બનનારે જણાવેલ કે, સને–૨૦૧૭ માં તેઓ જે જગ્યાએ રહેતા હતા અને દુકાન ચલાવતા હતા તે સમયે તેઓના ઘરની બાજુમાં પપ્પુ રાધેશ્યામ ગુપ્તાનાઓ દુકાન ચલાવતા હોય અને અવારનવાર તેઓની દુકાને આવતાં હોય, જેથી ભોગ બનનારની તેની સાથે ઓળખાણ થયેલી. ત્યારબાદ, તેઓ હાલના સરનામે રહેવા આવતાં રહેલા ત્યારે ડિસેમ્બર–૨૦૨૨ માં તેણીના ઈન્સ્ટ્રાગ્રામ આઇ.ડી. પર આરોપીએ પોતાના ઈન્સ્ટ્રાગ્રામ આઇ.ડી.પરથી રીકવેસ્ટ મોકલતાં, ભોગ બનનારે તે સ્વીકારેલી અને તેઓ બંને અવારનવાર એકબીજા સાથે ઈન્સ્ટ્રાગ્રામ ઉપર વાતચીત કરતાં હતા, તેમજ મોબાઇલ નંબરની આપલે કરેલી અને મોબાઇલ પર અવારનવાર વાતચીત પણ કરતાં હતા. ત્યારબાદ, ફેબ્રુઆરી–૨૦૨૩ માં તેણી પોતાની સ્કુલથી ઘરે આવતી હતી ત્યારે આરોપી તેણીને

મળેલો અને પોતાના ઘરે આવવાનું જણાવતાં તેણી મિત્રતાના કારણે આરોપીના ઘરે ગયેલ. જયાં આરોપીએ તેણી સાથે બળજબરીથી તેણીની મરજી વિરૂધ્ધ શારીરિક સંબંધ બાંધી બળાત્કાર કરેલ અને તેના ફોનમાં સેલ્ફી પાડી, આરોપી બોલાવે ત્યારે આવજે, નહીંતર તારા ફોટા તારા ઘરના સભ્યોને બતાવી દઈશ તેવું જણાવેલું. ત્યારબાદ થોડા દિવસ પછી આરોપી તેણીને સરથાણા જકાતનાકા ખાતે આવેલ વ્હાઇટ હાઉસ ઓયો હોટલમાં લઈ જઈ તેણીની ના પાડવા છતાં તેણી સાથે બળજબરીથી શરીર સંબંધ બાંધી બળાત્કાર કરેલો અને આ અંગે કોઇને વાત કરશે તો આરોપી તેના પરિવારના સભ્યોને જાનથી મારી નાંખશે તેવી ધમકી આપેલી અને અગાઉ પાડેલ ફોટા પણ વાયરલ કરી દેશે તેવું જણાવેલ. ત્યારબાદ આરોપી અવાર નવાર ભોગ બનનારને ધમકી આપી સરથાણા જકાતનાકા પાસે આવેલ વ્હાઇટ હાઉસ ઓયો હોટલ, સરથાણા વ્રજ ચોક પાસે આવેલ મેરિટોન હોટલમાં લઈ જઈ આરોપી તેણી સાથે બળજબરીથી તેની મરજી વિરૂધ્ધ શારીરિક સંબંધ બાંધતો હતો અને આરોપીએ ભોગ બનનારના પરિવારને મારી નાંખવાની તથા તેણીના ફોટા વાયરલ કરી નાંખવાની ધમકી આપેલી. જેથી તેણીએ આ વાત કોઇને કહેલ નહીં. જે હકીકતવાળી ફરિયાદ ભોગ બનનારની માતા ફરિયાદીએ સરથાણા પો.સ્ટે.માં કરેલી.

૪. ઉપરોકત મુજબની ફરિયાદ સરથાણા પો.સ્ટે.ના જવાબદાર અધિકારી એ નોંધી આગળની તપાસ કરેલ તેમજ તપાસ દરમ્યાન ભોગ બનનારની શારીરિક તપાસ કરાવતાં ભોગ બનનારને ગર્ભ રહેલ હોય, તેથી તે અંગે એમ.ટી.પી.એકટ હેઠળની અલગ કાર્યવાહી કરેલી તેમજ સંબંધિત સાહેદોના નિવેદનો નોંધેલા. આરોપીને અટક કરેલા તથા આરોપીએ ગુનાવાળી જગ્યા હોટલ્સ તથા રૂમ બતાવતા તે અંગેનું પંચનામું કરેલ તેમજ હોટલમાંથી તપાસ દરમ્યાન સીસીટીવી કુટેજ કબજે કરેલ અને હોટલના રજીસ્ટરના ઉતારા મેળવેલ. આરોપી તથા ભોગ બનનારના બનાવ સમયે પહેરેલા કપડાં કબજે કરેલા તથા આરોપી તથા ભોગ બનનારના મોબાઇલ કબજે કરેલા તેમજ તેઓ

બંનેના ડી.એન.એ. સેમ્પલો મેળવવાની કાર્યવાહી કરેલી અને તે તમામ મુદ્દામાલ ફોરેન્સીક લેબોરેટરીમાં પૃથ્થકણ માટે મોકલી આપેલા. જેમાં ભોગ બનનારના ગર્ભમાં રહેલ બાળક આરોપીનું હોય જેથી તે ગુના માટે જરૂરી કલમો ઉમેરવાનો રિપોર્ટ કરેલ અને આરોપીના ફોનમાંથી મળી આવેલ ભોગ બનનારના ફોટા તથા અન્ય સાહિત્ય સામેલ રાખી તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા જણાતાં આરોપી સામે આક્ષેપિત ગુનાનું ચાર્જશીટ રજૂ કરેલું.

૫. આ કામના આરોપી ન્યાયિક હિરાસતમાં હોય જેથી તેમને નામ. કોર્ટ સમક્ષ હાજર રાખવા સબંધિત જેલને સુચના આપતા આરોપીને નામ. કોર્ટમાં હાજર કરેલ. ત્યારબાદ ક્રિ.પ્રો. કોડની કલમ–૨૦૭ ની જોગવાઇ અન્વયે આરોપીને પોલીસ તપાસના કાગળનો નકલો આપ્યા બાદ મારા પુરોગામીશ્રીએ ફરીયાદપક્ષના વિ.એ.પી.પી.શ્રીનો પ્રાથમિક નિવેદન સાંભળી, આરોપી વિરૂધ્ધ ચાર્જ ફરમાવવા માટે બન્ને પક્ષકારોને સાંભળી ચાર્જ ફરમાવવાનું યોગ્ય જણાતા આ કામના આરોપી સામે મારા પુરોગામીશ્રીએ **આંક – ૭ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૫૦૬(૨) તથા પોક્સો એકટની કલમ–૩ (એ) ના ભંગ બદલ કલમ–૪ તથા કલમ–૫(જે)(ii)(એલ) ના ભંગ બદલ કલમ–૬** અન્વયે આક્ષેપિત ગુનાનું તહોમતનામું ફરમાવી આરોપીનું તે અંગે જવાબ નોંધતા આરોપીએ ગુનાનો ઇન્કાર કરેલ છે અને ન્યાયિક કાર્યવાહી ચલાવવા વિનંતિ કરેલ છે. આરોપીનો જવાબ આંક – ૮ થી નોંધવામાં આવેલ છે.

૬. ત્યારબાદ ફરીયાદપક્ષનો ઉપરોકત ફોર્મ–સી માં જણાવ્યા પ્રમાણે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે અને વધુ પુરાવો આપવો ન હોય આંક – ૭૯ થી કલોજીંગ પુરસીસ આપેલ છે.

૭. ત્યારબાદ ફરીયાદપક્ષે આપેલ પુરાવા પરથી આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધતા આરોપીએ તેની સામેના તમામ પુરાવાનો ઇન્કાર કરેલ છે. આરોપીએ સોગંદ પર જુબાની આપેલ

નથી. બચાવના સાહેદો તપાસેલ નથી અને વિશેષમાં એવુ જણાવેલ છે કે, તેઓ તદન નિર્દોષ છીએ. તેઓને ખોટી રીતે ફસાવેલ છે. કહેવાતો કોઇ ગુનો કરેલ નથી. પુરાવાના અભાવે ખોટી ચાર્જશીટ કરેલ છે.

૮. ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ ફરીયાદપક્ષે રજુ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લઇ એવી દલીલ કરેલ છે કે, સદર કામે ભોગ બનનાર બનાવ સમયે સગીર ઉંમરની બાળા હતી તેવી હકીકત સાબિત કરવા માટે ફરિયાદપક્ષે ભોગ બનનાર, તેના માતા પિતાનો પુરાવો તથા ભોગ બનનારનો જન્મનો દાખલો તથા સ્કુલ લિવિંગ સર્ટીફિકેટ રજૂ કરેલ છે તેમાં ભોગ બનનારની દર્શાવેલ ઉંમર ધ્યાને લેતાં તથા બનાવની તારીખ ધ્યાને લેતાં બનાવ સમયે ભોગ બનનાર ૧૮ વર્ષ કરતાં નાની ઉંમરના બાળા હોવાનું આપેલ પુરાવા પરથી શંકાથી પર અને કડીબધ્ધ રીતે સાબિત કરે છે. વળી, ભોગ બનનાર પોતાના પુરાવામાં એવું સ્પષ્ટ જણાવે છે કે, આરોપીએ તેણી સાથે તેણીની સંમતિ વગર શારીરિક સંબંધ બાંધી, તે દરમ્યાન તેણીના ફોટા અને વિડીયો ઉતારી લીધેલા અને ત્યારબાદ તેણીને આ ફોટા અને વિડીયો બતાવી વારંવાર ધમકી આપી, તેણીને અલગ અલગ હોટલે બોલાવી તેણીની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચરેલ છે. જે હકીકત ફરિયાદપક્ષે તપાસેલ હોટલના માલિક તથા મેનેજરના મૌખિક તથા હોટલમાં રહેલા સી.સી.ટી.વી. ફુટેજની બનાવેલ ડી.વી.ડી. વિગેરે હકીકતો સાબિત કરવામાં ફરિયાદપક્ષ સફળ રહેલ છે. વળી, ભોગબનનાર તથા તેણીના માતા–પિતાના સોગંદ પરના પુરાવા પરથી આરોપીએ તેણીની સાથે આક્ષેપિત દુષ્કર્મ આચરેલ હોવાની હકીકત સાહેદો પોતાના સોગંદ પરના પુરાવામાં જણાવે છે. જેમાં શંકા ઉપજે તેવી કોઇ હકીકત બચાવપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. જેથી પોકસો એકટની કલમ–૨૯ અને ૩૦ ની જોગવાઇ મુજબનું અનુમાન કરી શકાય તેવો સબળ અને પ્રબળ પુરાવો ફરીયાદપક્ષે રેકર્ડ પર લાવેલ છે જેના અનુમાનની ખંડનની પ્રાથમિક જવાબદારી બચાવપક્ષની છે. પરંતુ બચાવપક્ષ આ અનુમાનના ખંડન માટે પ્રયાપ્ત પુરાવો રેકર્ડ પર લાવી

શકેલ નથી. તેવા સંજોગોમાં ફરીયાદપક્ષે આપેલ તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપી સામેના આક્ષેપિત ગુનાના તહોમતો શંકાથી પર અને કડીબધ્ધ રીતે સાબિત કરવામાં સફળ થયેલ હોય આરોપીને આક્ષેપિત ગુનાના કામે તકસીરવાન ઠરાવી સમાજમાં દાખલો બેસે તેવી સખતમાં સખત સજા કરવા વિનંતિ કરેલ છે.

૯. ત્યારબાદ સદર કામે બચાવપક્ષે વિ.વ.શ્રી એ. એન. પંચોલી દ્વારા મુખ્યત્વે એવી દલીલ કરેલ છે કે, સદર કામે ભોગબનનારનો પુરાવો ધ્યાને લેતાં તેણી આરોપીને સને-૨૦૧૭ થી ઓળખતી હોવાનો પોતાના પુરાવામાં જણાવે છે તેમજ સદર બનાવની ફરિયાદ પણ ફરિયાદપક્ષના કેસ મુજબ પણ ફરિયાદ બનાવના ખાસા લાંબા સમય બાદ આપવામાં આવેલ છે. તેવા સંજોગોમાં ફરિયાદપક્ષે ફરિયાદ આપવામાં ખુબ જ વિલંબ કરવામાં આવેલ છે. જે અંગેનો કોઇ ખુલાસો ફરિયાદપક્ષે રજૂ કરેલ નથી. વળી, ફરિયાદી પોતાના પુરાવામાં એવું જણાવે છે કે, આરોપીએ ભોગબનનારને કંઇક પદાર્થ પીવડાવીને બેભાન કરીને લઈ ગયેલા અને ત્યારબાદ આ આક્ષેપિત દુષ્કર્મ આચરેલ પરંતુ આ અંગેનો કોઈ પુરાવો ફરિયાદપક્ષે રજૂ કરેલ નથી તેમજ આ અંગે પણ ફરિયાદપક્ષે રજૂ કરેલ પુરાવામાં પણ વિરોધાભાસી અને વિસંગત હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે. વળી, બેભાન અવસ્થામાં ભોગબનનાર આરોપીની બાઇક પાછળ બેસી શકે નહીં જે પણ આ હકીકત અંગે શંકા પ્રેરે છે. વળી, ફરિયાદપક્ષે રજૂ તમામ ફોટોગ્રાફ્સ ધ્યાને લેતાં તે સેલ્ફી સ્વરૂપના તેમજ સંમતિથી પાડેલ ફોટા છે. જે હકીકતને ખુદ ભોગ બનનાર પણ સ્વીકારે છે. વળી, ભોગબનનારની જન્મ તારીખ અંગે પણ ફરિયાદપક્ષે રજૂ પુરાવો વિરોધાભાસી અને વિસંગત છે. ભોગબનનારના જન્મના દાખલમાં જન્મની નોંધ, હાલના બનાવની ફરિયાદ નોંધાયા બાદ કરવામાં આવેલ છે જેથી તે વિશ્વસનીય કહી શકાય નહીં અને ભોગબનનાર અને આરોપી જે જે હોટલમાં ગયેલા તે હોટલમાં ભોગ બનનારે પોતાના ઉંમર અંગે આપેલ આધારકાર્ડમાં

જણાવેલ ઉંમર ધ્યાને લેતાં ભોગ બનનાર ૨૦ વર્ષની આસપાસના પુખ્ત ઉંમરના હોય તેવા સંજોગોમાં ભોગબનનારે પોતે તેણી પુખ્ત ઉંમરની હોય તેવી ખોટી રજૂઆત કરી સંમતિપુર્વકના સંબંધોને પાછળથી પોતે ખોટા પુરાવા ઉભા કરી સગીર વયની હોવાનો તેણીના માતા પિતા દ્વારા ખોટો કેસ કરાવેલ હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

૧૦. ઉપરોકત હકીકતો પરથી આ કેસના આખરી નિકાલ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓઃ–**

૧. શું ફરીયાદપક્ષ શંકાથી પર અને કડીબધ્ધ રીતે સાબિત કરે છે કે, બનાવ સમયે ભોગબનનાર સગીર વયની, એટલે ૧૮ વર્ષ કરતા નાની, હતી?

૨. શું ફરીયાદપક્ષ શંકાથી પર અને કડીબધ્ધ રીતે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ ભોગબનનાર સાથે મિત્રતા કેળવી તેણીને પોતાના ઘરે લઈ જઈ તેણી સગીર વયની હોવાનું જાણવા છતાં તેણીની સાથે તેણીની મરજી વિરૂધ્ધ શારિરીક સબંધ બાંધી તે અંગેના ફોટા પોતાના મોબાઈલમાં પાડી તે ફોટા બતાવી, તેણીને ડરાવી ધમકાવી પોતાની સાથે અલગ અલગ હોટલમાં આવવા મજબુર કરી, તેણી સાથે તેની મરજી વિરૂધ્ધ શારીરિક સંબંધ બાંધી, તેણીને ગર્ભવતી બનાવી અને આરોપીએ ભોગ બનનારના પરિવારને મારી નાંખવાની તથા તેણીના ફોટા વાયરલ કરી નાંખવાની ધમકી આપી, ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩),૫૦૬(૨) તથા જાતિય હિંસાથી બાળકોના રક્ષણ અધિનિયમ ૨૦૧૨ની કલમ – ૩(એ), ૪, ૫(જે)(ii), ૫(એલ), ૬ અન્વયે સજાનેપાત્ર ગુનો આચરેલ છે?

૩. શું હુકમ ?

૧૧. ઉપરોકત મુદ્દાઓના મારા તારણો નીચે મુજબ છે.

**તારણોઃ–**

૧. હકારમાં.

૨. અંશતઃ હકારમાં. (**ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૫૦૬ તથા જાતિય હિંસાથી બાળકોના રક્ષણ અધિનિયમ ૨૦૧૨ની કલમ – ૩(એ), ૪, ૫(જે)(ii), ૫(એલ), ૬ મુજબ**.)

૩. છેવટના હુકમ મુજબ

૧૨. ઉપરોકત તારણોના મારા કારણો નીચે મુજબ છે.

**–// કારણો//–**

**મુદ્દા નં.૧ઃ–**

૧. ફરીયાદપક્ષે આપેલ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું તુલનાત્મક અભ્યાસ કરી મુલ્યાંકન કરતા પુર્વે એ હકીકત ધ્યાને રાખવી જરૂરી છે કે, **બન્ને પક્ષ તરફે રેકર્ડ પર લાવેલ હકીકત પરથી કેટલીક નિર્વિવાદિત હોવાનું ફલીત થાય છે જે મુજબ ભોગબનનાર પોતાના માતા–પિતા સાથે રહે છે. આરોપી અગાઉ ફરીયાદી જે વિસ્તારમાં રહેતા હતા તે વિસ્તારમાં તેઓના ઘરની બાજુમાં પુઠ્ઠાની દુકાન ચલાવતા હતા અને તેઓ તેઓના પાડોશી છે જેથી તેઓ બનાવ પુર્વેથી એકબીજાને ઓળખે છે. તેમજ આરોપીને ભોગબનનારના માતા પિતા પણ ઓળખે છે. જેઓના પુરાવા દરમ્યાન આરોપીની ઓળખ અંગે બચાવપક્ષે કોઈ તકરાર લેવામાં આવેલ નથી. તેવા સંજોગોમાં આરોપીની ઓળખ અંગે કોઈ તકરાર રહેતી નથી. વળી બનાવ પહેલાથી આરોપી અને ભોગબનનાર તથા તેના પરીવારના સભ્યો કે પાડોશીઓ વચ્ચે કોઈ વૈમનસ્ય હોય કે કોઈ કારણોસર અન્ય કોઈ દિવાની કે ફોજદારી તકરાર થયેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ, બન્ને પક્ષો વચ્ચે આ સિવાય અન્ય કોઈ અણબનાવ થયેલ હોય તે અંગે અન્ય કોઈ સામાજીક રાહે તકરાર થયેલ હોય તેવી પણ કોઈ હકીકત કે પુરાવો સદર કામે રેકર્ડ ઉપર આવેલ નથી.**

૨. સૌ પ્રથમ ફરીયાદપક્ષના કેસની પાયાની હકીકતો જોવામાં આવે તો, ભોગબનનાર પોકસો એકટની કલમ–૨(૧)ડી મુજબ બાળકની વ્યાખ્યામાં આવતા બાળક છે કે કેમ? તે પ્રથમ ચકાસવાનું રહે છે. તે વ્યાખ્યા મુજબ ૧૮ વર્ષથી નાની વયની વ્યકિત તે બાળક છે. આ કામે ફરીયાદપક્ષનો કેસ એવો છે કે, બનાવ સમયે ભોગબનનારની ઉમર ૧૫ વર્ષ ૦૮ માસની હતી એટલે કે ૧૮ વર્ષ કરતા નાની હતી. હવે ભોગબનનાર ૧૮ વર્ષથી નાની ઉમરના હતા તે હકીકત તમામ વ્યાજબી શંકાઓથી પર પ્રથમ ફરીયાદપક્ષે પુરવાર કરવાનું રહે છે. તેમાં જો ફરીયાદપક્ષ સફળ થાય અને આરોપી ભોગબનનાર સાથે આક્ષેપિત મુજબના કૃત્ય સાબિત થાય તો તે બાદ પોકસો એકટની કલમ–૨૯ અને ૩૦ ના અનુમાનો ચોકકસપણે અસ્તિત્વ માં આવે છે.

૩. ભોગબનનારની જન્મ તારીખ અને ઉમર નકકી કરવા અંગે નામ. સુપ્રિમ કોર્ટના જર્નેલસીંઘ વિરૂધ્ધ હરીયાણા સ્ટેટના ક્રિમીનલ અપીલ નં. ૧૨૦૯/૨૦૧૦, એ.આઇ.આર. ૨૦૧૩, એસ.સી. ૩૪૬૭ ના ચુકાદામાં પેરા–૨૦ અને ૨૧ માં આપેલ માર્ગદર્શિકા મુજબ પોકસો એકટમાં ભોગબનનારની ઉમર નકકી કરવાનો મુદ્દો ઉપસ્થિત થાય ત્યારે જુવેનાઇલ જસ્ટીસ એકટ અન્વયે ૨૦૦૭ માં ઘડવામાં આવેલ નિયમ ૧૨ માં આપેલ જોગવાઇ મુજબ ઉમર નકકી કરવાની રહે છે. સદર નિયમ મુજબ પ્રથમ જન્મ તારીખ અંગેના પુરાવામાં મેટ્રીકયુલસ અથવા તેના સમકક્ષ સર્ટીફીકેટનો પુરાવો અથવા શાળા દ્વારા પ્રથમ દાખલ થયા હોય તે સમયે નોંધાયેલ જન્મ તારીખના પ્રમાણપત્રના આધારે અને તે ન હોય તો મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા પંચાયતમાં જન્મ તારીખ નોંધાવેલ હોય તે અંગેના પ્રમાણપત્ર પરથી જન્મ તારીખ અને ઉમર નકકી કરવાની રહે છે. આમ, પ્રથમ શાળાના પુરાવા પરથી જન્મ તારીખ અને ઉમર નકકી કરવાની થાય છે. ત્યારબાદ જો તેની ગેરહાજરી હોય તો જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં કરવામાં આવેલ નોંધ પરથી જન્મ તારીખ અને ઉમર નકકી કરવાની રહે છે. સદર ચુકાદા બાદ જુવેનાઇલ જસ્ટીસ એકટમાં સુધારો કરવામાં આવેલ છે. તે

કાયદાની કલમ–૯૪માં દર્શાવેલ જોગવાઈ મુજબ ઉમ્ર નક્કી કરવાની રહે છે અને તે સાથે પોકસો એકટની કલમ–૩૪ માં ગુનો કરનાર ઈસમ જુવેનાઈલ છે કે કેમ? તે પણ જુવેનાઈલ જસ્ટીસ એકટની જોગવાઇ મુજબ નકકી કરવાની જોગવાઈ છે. તેમજ નામ. સર્વોચ્ચ અદાલતે P.Yuvaprakash V/s State Rep.Inspector of Police,Cri.Appeal No.-1898 / 2023, Dated 18/-7/2023 ના કેસમાં પણ સ્પષ્ટ કરેલ છે કે, જુવેનાઈલ જસ્ટીસ એકટની જોગવાઈ મુજબ ભોગબનનારની ઉમર નકકી કરવાની થાય છે.

૪. આ કામે કલમ–૯૪ જુવેનાઈલ જસ્ટીસ એકટ મુજબ ભોગબનનારની ઉમર માટે પ્રથમ શાળા તરફથી જન્મ તારીખનું પ્રમાણપત્ર અથવા સબંધિત પરિક્ષા બોર્ડ તરફથી મેટ્રીક સમકક્ષ પ્રમાણપત્ર, જો ઉપલબ્ધ હોય તો અને તેની ગેરહાજરીમાં કોર્પોરેશન અથવા મ્યુનિસીપાલ ઓથોરીટી અથવા પંચાયત દ્વારા આપવામાં આવેલ જન્મ પ્રમાણપત્ર અને તે બન્નેની ગેરહાજરીમાં સમિતી અથવા બોર્ડના આદેશ પર હાથ ધરવામાં આવેલ ઓસીફીકેશન ટેસ્ટ અથવા અન્ય કોઈપણ નવીનતમ તબીબી ઉમર નિર્ધારણ ટેસ્ટ દ્વારા નકકી કરવાની રહેશે. આમ, પ્રથમ શાળાના પુરાવા પરથી જન્મ તારીખ નકકી કરવાની થાય છે. તેની ગેરહાજરીમાં જન્મ–મરણ નોંધણી રજીસ્ટરમાં કરવામાં આવેલ નોંધ પરથી જન્મ તારીખ અને ઉમર નકકી કરવાની રહે છે અને આ બન્નેની ગેરહાજરીમાં નિર્ધારિત તબીબી પ્રક્રિયા મુજબ ઉમર નકકી કરવાની રહે છે.

૫. સદર કામે બચાવપક્ષે ભોગબનનારની ઉમર અંગે એવી દલીલ કરેલ છે કે ભોગબનનારની ઉમર માટે રજુ જન્મના પ્રમાણપત્ર ધ્યાને લેતા તે હાલની ફરીયાદ થયા બાદ નોંધવામાં આવેલ છે અને ફરીયાદ આપ્યા બાદ આ નોંધવા અંગે કોઈ ખુલાસો રેકર્ડ પર કરેલ નથી. વળી, આવી નોંધણી કરવા માટે જરૂરી પ્રક્રિયા પણ અનુસરવામાં આવેલ નથી. તેવા સંજોગોમાં ભોગબનનારની ઉમર અંગે જન્મના પ્રમાણપત્રમાં જણાવેલ ઉમર વિશ્વસનિય ગણી શકાય નહીં. વળી, ભોગબનનાર પોતે આરોપી

સાથે પોતાની મરજીથી હોટલમાં ગયેલ છે અને પોતાનું આધાર કાર્ડ હોટલમાં રજુ કરેલ છે. જેમાં દર્શાવેલ ઉમર ધ્યાને લેતા ભોગબનનાર તે સમયે ૨૦ વર્ષની ઉમરના હતા તે હકીકત ફલિત થાય છે. વળી, હોટલના મેનેજરોએ કે જેઓને આ કામે સાહેદો તરીકે તપાસેલ છે તેઓએ પણ આ હકીકત સ્વીકારેલ છે. તેવા સંજોગોમાં ફરીયાદપક્ષે આપેલ પુરાવા પરથી ભોગબનનાર બનાવ સમયે સગીર વયના હતા તેવી હકીકત શંકાથી પર અને કડીબધ્ધ રીતે સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં.

ફરીયાદપક્ષે એવી રજુઆત છે કે, બનાવ સમયે ભોગબનનારની ઉમર ૧૮ વર્ષ કરતા નાની હતી જે હકીકતને ફરીયાદપક્ષે તપાસેલ સ્વંતંત્ર એવા રાજુસીંહ ચંદનસિંહ ચુડાવત પોતાના પુરાવામાં જણાવે છે. તેમજ તેઓના પુરાવા દરમ્યાન આંક-૭૮થી રજુ ભોગબનનારના જન્મની નોંધ માટેની અરજી તથા જન્મના દાખલામાં જણાવેલ ઉમર ધ્યાને લેતા તથા આંક-૬૪ અને આંક-૬૫થી રજુ તેણીના જન્મ તથા સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં જણાવેલ તારીખ ધ્યાને લેતા પણ ભોગબનનારની ઉમર બનાવ સમયે ૧૮ વર્ષ કરતા નાની હતી તેવી હકીકત ફરીયાદપક્ષે આપેલ પુરાવા પરથી શંકારહિત સાબિત થાય છે.

૬. સદર કામે ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ સમયે ભોગબનનારની ઉમર ધ્યાને લેતા તે બનાવ સમયે ૧૮ વર્ષથી નાની હોવાનો ફરીયાદ પક્ષનો કેસ છે. આ અંગે ફરીયાદપક્ષે આંક-૭૭થી તપાસેલ રાજુસિંહ ચંદનસિંહ ચુડાવતનો સોગંદ પરનો પુરાવો તથા આંક-૭૮થી રજુ ભોગબનનારના જન્મની નોંધ કરવા માટેની અરજી તથા ફરીયાદપક્ષે આંક-૧૨થી રજુ ફરીયાદ ધ્યાને લેતા સદર બનાવની ફરીયાદ તા.૨૬.૦૮.૨૦૨૩ ના રોજ આપેલ છે. જયારે આંક-૭૮ વાળી અરજી તા.૦૧.૦૭.૨૦૨૨ ના રોજ આપેલ હોવાનું ફલિત થાય છે અને ભોગબનનારનું આંક-૬૪થી તથા ૭૮ વાળી અરજી સાથે રજુ જન્મનો પ્રમાણપત્ર ધ્યાને લેતા તેમાં ભોગબનનારના જન્મની નોંધ

તા.૨૦.૦૯.૨૦૨૨ ના રોજ થયેલ છે. આમ, આ નોંધ ફરીયાદ કરતા પુર્વે થયેલ છે અને તેમાં જન્મ તા.૦૯.૧૨.૨૦૦૭ જણાવેલ છે.

વળી, ફરીયાદપક્ષે આંક–૬૫થી રજુ ભોગબનનારના સ્કુલ રજીસ્ટરનો ઉતારો તથા સ્કુલ છોડયા અંગેનો પ્રમાણપત્ર ધ્યાને લેતા ભોગબનનારની જન્મ તા.૩૧.૧૨.૨૦૦૭ દર્શાવેલ છે. તેમજ ફરીયાદ પક્ષે ભોગબનનારના માતા સાહેદ નં.૧, આંક–૧૧નો પુરાવો ધ્યાને લેતા બનાવ સમયે ભોગબનનાર સ્કુલમાં જતી હતી અને અભ્યાસ કરતી હતી તેવુ જણાવે છે. બચાવપક્ષે આ હકીકતને પડકારેલ નથી પરંતુ ભોગબનનાર સ્કુલે જતા હતા અને ધોરણ–૯ માં અભ્યાસ કરતા હતા તેવી હકીકત ખુદ બચાવપક્ષ આ સાહેદના પુરાવામાં રેકર્ડ પર લાવેલ છે. તે જ રીતે ભોગબનનારના પિતા સાહેદ નં.૫ આંક–૨૮ નો પુરાવો ધ્યાને લેતા તેઓ પણ બનાવ સમયે ભોગબનનાર ભણતા હોવાનું જણાવે છે અને બચાવપક્ષે તેઓના આ અંગેના પુરાવા અંગે કોઇ મહત્વની તકરાર લેવામાં આવેલ નથી. વળી, ભોગબનનારના પિતા આ બીજા લગ્ન બાદ તેઓના પ્રથમ દિકરો જન્મયો, ત્યારબાદ ભોગબનનાર કે જે સૌથી નાની દિકરી છે તેનો જન્મ થયેલ અને બનાવ વખતે આ સાહેદના દિકરાની ઉમર ૧૮ વર્ષની આસપાસ હોવાની હકીકત ખુદ બચાવપક્ષ આ સાહેદના પુરાવામાં રેકર્ડ પર લાવેલ છે. વળી, ફરીયાદપક્ષે સાહેદ નં.૪ આંક–૨૧થી ભોગબનનારને તપાસેલ છે. જે પોતાના પુરાવામાં સ્પષ્ટપણે જણાવે છે કે બનાવ સમયે તેણી અભ્યાસ કરતી હતી અને સને ૨૦૨૩ ની સાલમાં તેણી કાપોદ્રામાં ધોરણ–૯માં અભ્યાસ કરતી હતી. તેમજ બચાવપક્ષે આ સાહેદની ઉલટતપાસમાં પણ ભોગબનનારના બનાવ સમયે તેણી સ્કુલમાં અભ્યાસ કરતા હોવાના પુરાવાને પડકારેલ નથી અથવા તો આ પુરાવામાં શંકા ઉપજે તેવી કોઇ હકીકત રેકર્ડ પર લાવેલ નથી. આમ બનાવ સમયે તેણી ધોરણ–૯માં અભ્યાસ કરતી હતી તેવી હકીકત રેકર્ડ પર આવેલ છે.

આમ, ઉપરોકત તમામ સંજોગોમાં બનાવ સમયે ભોગબનનાર

ધોરણ–૯માં અભ્યાસ કરતા હતા તે હકીકત ફલિત થાય છે. વળી, ફરીયાદપક્ષે આંક–૬૫થી રજુ ભોગબનનારના શાળા છોડયાના પ્રમાણપત્ર ધ્યાને લેતા તેમાં ભોગબનનારની જન્મ તા.૩૧.૧૨.૨૦૦૭ હોવાનું જણાવેલ છે. જે હકીકતને બચાવપક્ષે પડકારેલ નથી. તેવા સંજોગોમાં ફરીયાદપક્ષે ઉપરોકત તમામ સાહેદોના પુરાવામાં રેકર્ડ પર આવેલ તમામ હકીકતો ધ્યાને લેતા જયારે બનાવ સમયે ભોગબનનાર ધોરણ–૯માં અભ્યાસ કરતા હોય અને સ્કુલના રેકર્ડમાં તેણીની જન્મ તા.૩૧.૧૨.૨૦૦૭ હોવાનું જણાવે છે અને તે અંગે બચાવપક્ષે કોઇ મહત્વની હકીકત રેકર્ડ પર લાવેલ ન હોય તેવા સંજોગોમાં ભોગબનનારની જન્મ તા.૩૧.૧૨.૨૦૦૭ હોવાનું ન માનવાને કોઈ કારણ નથી. વળી, જુવેનાઇલ જસ્ટીસ એકટની કલમ–૯૪ પ્રમાણે આ પુરાવો ભોગબનનારના જન્મ અંગે સ્વિકૃત પુરાવો છે અને આધારકાર્ડમાં જણાવેલ જન્મ તારીખ એ જન્મના પુરાવા તરીકે સ્વિકૃત પુરાવો નથી. વળી, આધાર કાર્ડ એ માત્ર ઓળખનો પુરાવો છે. જેથી પણ ભોગબનનારના આધાર કાર્ડમાં જણાવેલ જન્મ તારીખ ખરી અને સાચી છે તેવુ માની શકાય નહીં કે તે તેણીના ઉમરના પુરાવા તરીકે સ્વીકારી શકાય નહીં. તેમજ અગાઉ જણાવ્યા પ્રમાણે ભોગબનનારથી મોટાભાઈ બનાવ સમયે ૧૮ વર્ષના હતા તેવી હકીકત રેકર્ડ પર આવેલ છે. જેથી ઉપરોકત તમામ સંજોગોમાં ભોગબનનારની જન્મ તારીખ આંક–૬૫ વાળા સ્કુલ રેકર્ડ પ્રમાણે તા.૩૧.૧૨.૨૦૦૭ અથવા જન્મના દાખલા મુજબ ૦૯.૧૨.૨૦૦૭ હોવાનું ફલિત થાય છે. વળી, તે સમયે ફરીયાદપક્ષે એવો અંદાજ ન હોય કે આ જન્મ તારીખનો આરોપી વિરૂધ્ધ ખોટી રીતે ઉપયોગ કરી શકાશે. જેથી ભોગબનનારના સ્કુલના રેકર્ડમાં જણાવેલ જન્મ તારીખ ન માનવાને કોઈ કારણ નથી. જેથી ભોગબનનારની જન્મ તારીખ ૩૧.૧૨.૨૦૦૭ હોવાનું વિશ્વસનિય રીતે ફલિત થાય છે અને બનાવની ફરીયાદ તા.૨૬.૦૮.૨૦૨૩ ના રોજ આપવામાં આવેલ છે અને બન્ને દસ્તાવેજો ધ્યાને લેતા તે દિવસે ભોગબનનારની ઉમર ૧૫ વર્ષ અને આશરે ૦૮ અથવા ૦૯ માસની

થતી હતી. વળી, ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવની ઘટના નવેમ્બર ૨૦૨૨ થી જુલાઈ ૨૦૨૩ દરમ્યાન બનેલ છે તેવા સંજોગોમાં ભોગબનનારની ઉમર તે સમયે પણ સગીર વયની હોવાનું જ ફલિત થાય છે. વળી, સામાન્ય કુદરતી ક્રમ મુજબ ધોરણ–૯માં અભ્યાસ કરતુ બાળક ૧૮ વર્ષ કરતા વધુ ઉમરનું હોઈ શકે નહીં અને જયારે આરોપી ભોગબનનારને અગાઉથી જ ઓળખતા હોય ત્યારે તેઓ ભોગબનનારની ઉમર અંગે ચોકકસપણે માહિતગાર હોય. જેથી બનાવ સમયે ભોગબનનારની ઉમર ધ્યાને લેતા તે આશરે ૧૫ વર્ષ ૦૮ માસ અથવા ૦૯ માસની હોવાનું ફલિત થાય છે તેવા સંજોગોમાં ફરીયાદપક્ષે આપેલ ઉપરોકત પુરાવા પરથી બનાવ સમયે ભોગબનનારની ઉમર સગીર વયની એટલે કે ૧૮ વર્ષ કરતા નાની હતી તેવી હકીકત શંકાથી પર અને કડીબધ્ધ રીતે સાબિત કરવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ હોવાનું આ અદાલત માને છે જેથી મુદ્દા નં.૧ નો જવાબ તે પ્રમાણે **હકાર**માં આપું છું.

**મુદ્દા નં.૨ઃ–**

**હોટલમાં ગયા અંગેનો પુરાવોઃ–**

૭. સદર કામે ફરીયાદપક્ષે એવો આક્ષેપ છે કે, આરોપી ભોગબનનારને અવાર નવાર જુદી જુદી હોટલમાં લઈ ગયેલા અને ત્યાં તેણી સાથે શારિરીક સબંધ બાંધેલો તેમજ ફોટા પાડેલા.

આ અંગે ફરીયાદપક્ષે સાહેદ નં.૭ આંક–૪૭થી જયસુખભાઈ ભવાનભાઈ સીસારા નાઓને તપાસેલ છે. તેઓ શ્રી પેસેલ નામની હોટલ ચલાવે છે. તેમજ ફરીયાદપક્ષે સાહેદ નં.૮ આંક–૪૯થી સાહેદ અંકિતભાઈ મીરાજીભાઈ ગામીત નાઓને તપાસેલ છે તેઓ આ હોટલમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે તેમજ આંક–૪૮થી સુરત મહાનગરપાલિકા દ્વારા સાહેદ નં.૭ ના નામનું આપેલ હોટલનું લાયસન્સ રજુ કરેલ છે. આ બન્ને સાહેદોનો નામ. કોર્ટ સમક્ષનો મૌખિક પુરાવો તથા તેઓના પુરાવા દરમ્યાન આંક–૪૪ વાળી ડીવીડી તેમને બતાવતા તેમાંથી મળી આવેલ તા.૧૯.૦૬.૨૦૨૩,

૨૪.૦૬.૨૦૨૩, ૩૦.૦૬.૨૦૨૩, ૦૪.૦૭.૨૦૨૩ ની મળી કુલ ૭ વિડીયો કલીપમાં અલગ અલગ સમયે ભોગબનનાર અને આરોપી તેઓની હોટલમાં આવેલ હોવાનું તથા તેઓને ફાળવેલ રૂમમાં પ્રવેશ કરેલ હોવાનું તેઓ જણાવે છે. તેમજ બચાવપક્ષે આ બન્ને સાહેદોની ઉલટતપાસ દરમ્યાન આરોપી અને ભોગબનનાર તેઓની હોટલમાં પ્રવેશ કરેલ નથી તેવી હકીકત રેકર્ડ પર લાવેલ નથી પરંતુ આરોપી અને ભોગબનનાર એકસાથે હોટલમાં પ્રવેશ કરતા જોયેલ નથી તેવી હકીકત રેકર્ડ પર આવેલ છે. તેમજ તેઓ બન્ને પોતાની મરજીથી હોટલમાં પ્રવેશ કરેલ હોવાનું તેમજ એક વખત ભોગબનનારે પોતે રૂમનું ભાડુ ચુકવેલ હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે. વળી, સાહેદ નં.૮ અંકિતભાઇ ગામીત પોતાના પુરાવામાં એવુ પણ જણાવે છે કે તેઓએ પોતાની હોટલના સીસીટીવી કેમેરાની ફુટેજ પોલીસે પેનડ્રાઇવમાં માંગતા તેમના શેઠે આપેલી.

**આમ, હોટલ શ્રીપેલેસમાં ભોગબનનાર અને આરોપીના પ્રવેશ અંગે ઉપરોકત સાહેદોનો પુરાવો તથા આંક–૪૪ વાળી ડીવીડી ની વિગતો ધ્યાને લેતા તેમાં જણાવેલ તારીખોએ ભોગબનનાર અને આરોપીએ આ હોટલમાં પ્રવેશ કરેલ હોવા અંગેની હકીકત સ્પષ્ટપણે ફલિત થાય છે.**

૮. ફરીયાદપક્ષે સાહેદ નં.૯ આંક–૫૦થી સાહેદ સંજય શંભુભાઇ બલદાણીયા નાઓને તપાસેલ છે. તેઓ મેરીટોન ઓયો હોટલમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે અને પોતાના પુરાવામાં આંક–૫૧થી આ હોટલનું લાયસન્સ રજુ કરેલ છે. તેમજ તે સાથે હોટલના રજીસ્ટરના ઉતારાની નકલ રજુ કરેલ છે. જેમાં તેઓની હોટલમાં આરોપીએ ભોગબનનાર સાથે તા.૦૭.૦૪.૨૦૨૩, તા.૧૨.૦૪.૨૦૨૩, તા.૧૪.૦૪.૨૦૨૩, તા.૧૮.૦૪.૨૦૨૩, તા.૨૦.૦૪.૨૦૨૩ તથા તા.૨૩.૦૪.૨૦૨૩ ના રોજ અલગ અલગ સમયે અલગ અલગ રૂમમાં પ્રવેશ કરેલો અને તે સમયે પોતાનું તથા ભોગબનનારનું આધાર કાર્ડ રજુ કરેલ અને હોટલના રજીસ્ટરમાં સહીઓ કરેલી તેવી હકીકત આ

સાહેદ જણાવે છે.

બચાવપક્ષે આ સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતા પોલીસ તેઓની હોટલમાં આરોપીને પુછપરછ માટે ગયેલ હોવાનું તથા કુલ ૬ પૈકી ૨ એન્ટ્રી તેમના હસ્તાક્ષરમાં હોવાનું તથા આધાર કાર્ડ અસલ કે બોગસ હતુ તેની ખરાઈ તેઓએ કરેલ નથી તેવી હકીકત રેકર્ડ પર લાવેલ છે.

**આમ, આ સાહેદનો પુરાવો ધ્યાને લેતા પણ આ સાહેદે જણાવેલ તારીખે આરોપી અને ભોગબનનારે તેઓની હોટલમાં પ્રવેશ કરેલ હોવાની હકીકત અંગે શંકા પ્રેરિત કરે તેવી હકીકત બચાવપક્ષ રેકર્ડ પર લાવેલ નથી. ઉલટ બચાવપક્ષે આ સાહેદની ઉલટતપાસ દરમ્યાન રેકર્ડ પર લાવેલ હકીકત ધ્યાને લેતા પણ ભોગબનનાર અને આરોપીને તેઓની હોટલમાં પ્રવેશ અંગે શંકા ઉપજે તેવી હકીકત રેકર્ડ પર આવેલ નથી પરંતુ તેઓના પ્રવેશ આ હોટલમાં થયેલ તે હકીકત સ્પષ્ટપણે શંકારહિત ફલિત થાય છે.**

૯. ફરીયાદપક્ષે સાહેદ નં.૧૦ આંક-૫૨થી વિવેક કનુભાઇ ડોબરીયા નાઓને તપાસેલ છે. તેઓનો પુરાવો ધ્યાને લેતા તેઓ વ્હાઇટ હાઉસ હોટલમાં સને ૨૦૨૨થી મેનેજર તરીકે ફરજ બજાવે છે. તેમના પુરાવા મુજબ આરોપી ભોગબનનાર સાથે તા.૨૩.૧૨.૨૦૨૨, ૨૬.૧૨.૨૦૨૨, ૨૯.૧૨.૨૦૨૨ અને તા.૩૧.૧૨.૨૦૨૨ ના રોજ એમ કુલ ૪ વખત તેઓની હોટલમાં રજીસ્ટરમાં એન્ટ્રી કરી ભોગબનનાર સાથે પ્રવેશ કરેલો. આ સાહેદ પોતાના પુરાવામાં આંક-૫૩થી હોટલની નોંધણી અંગેનો એસ.એમ.સી.નું સર્ટીફીકેટ રજુ કરેલ છે. આરોપી અને ભોગબનનારના આધાર કાર્ડને રજુ કરેલ છે.

બચાવપક્ષે આ સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતા એવી હકીકત રેકર્ડ પર લાવેલ છે કે, તેઓની હોટલમાં ઘણા બધા ગ્રાહકો આવતા હોય છે અને કયારે કોણ આવે તે તેઓને યાદ ન હોય. જો ઓરીજીનલ આધાર કાર્ડ હોય તો જ તેઓ ગ્રાહકને પ્રવેશ આપે છે અને ભોગબનનારના આધાર કાર્ડ મુજબ તેઓની ઉમર ૨૦ વર્ષની હતી તેથી

વિશેષ કોઈ હકીકત બચાવપક્ષ આ સાહેદના પુરાવામાં રેકર્ડ પર લાવેલ નથી.

વળી, આ અંગે બચાવપક્ષે ભોગબનનારની ઉલટતપાસમાં રેકર્ડ પર આવેલ હકીકતો ધ્યાને લેતા એવી હકીકત ખુદ બચાવપક્ષ રેકર્ડ પર લાવેલ છે કે આરોપી તેણીને અલગ અલગ હોટલમાં લઈ જતો હતો તેની જાણ તેણીએ ઘરનાને કરેલ નથી. તેમજ આરોપી તેણીને કઈ તારીખે, કયા સમયે હોટલમાં લઈ ગયેલ તેનો ઉલ્લેખ પોતાના નિવેદનમાં કરેલ નથી, આરોપી તેણીને જબરજસ્તીથી લઈ જતો હતો તે અંગેની જાણ પણ સ્કુલમાં કે ઘરે કોઈને કરેલ નથી કે હોટલમાં પણ કોઈને જાણ કરેલ નથી કે કોઈની મદદ લીધેલ નથી.

વળી, આ અંગે સાહેદ નં.૧૪ આંક–૬૩થી તપાસેલ તપાસ કરનાર અમલદારની ઉલટતપાસ ધ્યાને લેતા પણ બચાવપક્ષે એવી હકીકત રેકર્ડ પર લાવેલ છે કે ભોગબનનારને અલગ અલગ સમયે અલગ અલગ હોટલમાં ગયેલા તેવી હકીકત પણ રેકર્ડ પર આવેલ છે.

**આમ, ઉપરોકત તમામ પુરાવો ધ્યાને લેતા આરોપી અને ભોગબનનાર અલગ અલગ સમયે, અલગ અલગ હોટલમાં ગયેલ હોવાની હકીકત સ્પષ્ટપણે ફલિત થાય છે. તેમજ તે સમયે ભોગબનનારે પોતાના બચાવ અંગે કોઈ પ્રયત્ન કરેલ ન હોવાનું પણ ફલિત થાય છે. પરંતુ અગાઉ જણાવ્યા પ્રમાણે ભોગબનનારની ઉમર બનાવ સમયે ૧૮ વર્ષ કરતા નાની હતી તેવા સંજોગોમાં તેણીની સમંતિનો પ્રશ્ન જ અસ્થાને છે.**

**ભોગબનનારને બેશુધ્ધ બનાવવા અંગેનો પુરાવોઃ–**

૧૦. સદર કામે ફરીયાદપક્ષે સાહેદ નં.૧ આંક–૧૧થી તપાસેલ ફરીયાદી કે જેઓ ભોગબનનારની માતા છે તેણીનો પુરાવો ધ્યાને લેતા તેણી એવુ જણાવે છે કે, આરોપી ભોગબનનારને બેભાન કરીને લઈ જતો હતો. તેમજ સાહેદ નં.૪ આંક–૨૧થી તપાસેલ ભોગબનનારનો પુરાવો ધ્યાને લેતા તેણી પોતે પણ એવુ જણાવે છે કે આરોપી તેણીને પોતાની રૂમ

પર લઇ ગયેલ અને ત્યાં કાંઇ સુંઘાડી દીધેલ અને બેહોશ કરેલી. તેમજ ફરીયાદપક્ષે સાહેદ નં.૫ આંક–૨૮થી તપાસેલ ભોગબનનારના પિતાનો પુરાવો ધ્યાને લેતા તેઓ આ અંગે કાંઇ જણાવતા નથી. આ અંગે ફરીયાદપક્ષે આંક–૧૨થી રજુ ફરીયાદ ધ્યાને લેવામાં આવે તો આ અંગે કોઇ આક્ષેપ કરેલ નથી. વળી, આરોપીએ ભોગબનનારને કયો પદાર્થ સુંઘાડેલ તે અંગે પણ કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. તેમજ ભોગબનનારની મેડીકલ તપાસ દરમ્યાન પણ આ અંગે કોઇ સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર આવેલ નથી કે આ હકીકતને સમર્થન કરતી હોય તેવી કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી. વળી, ભોગબનનાર પોતાની ઉલટતપાસમાં એવી હકીકતનો સ્વીકાર કરે છે કે, આરોપી તેણીને બેહોશ કરીને લઇ ગયેલો તેવી હકીકત તેણીએ પોતાના નિવેદનમાં જણાવેલ નથી. તેમજ આંક–૪૪થી રજુ ડીવીડી ધ્યાને લેતા ભોગબનનાર કોઇ નશાકારક કે ઝેરી પદાર્થના પ્રભાવ હેઠળ હોય તેવી હકીકત પણ ફલિત થતી નથી. વળી, આરોપી ભોગબનનારને પ્રથમ વખત પોતાની મોટર સાયકલ લઇ ગયેલ હોવાનો પુરાવો આપેલ છે. સામાન્ય રીતે જો વ્યકિત બેભાન અવસ્થામાં હોય તો મોટર સાયકલ ઉપર બેસીને મુસાફરી કરી શકે તે શકય નથી. આમ, ફરીયાદપક્ષે આ અંગે આપેલ પુરાવો ધ્યાને લેતા આરોપીએ ભોગબનનારને કોઇ નશાકારક કે ઝેરી પદાર્થ પીવડાવેલ હોય કે સુંઘાડેલ હોય તેવી હકીકત ફરીયાદપક્ષે આપેલ પુરાવા પરથી શંકાથી પર અને કડીબધ્ધ રીતે સાબિત થતી નથી.

**મેડીકલ પુરાવોઃ–**

૧૧. ફરીયાદપક્ષે સાહેદ નં.૨ આંક–૧૩થી ડો. અમિષા સૌરીન ધીવાલા નાઓને તપાસેલ છે. આ સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા એવી હકીકત ફલિત થાય છે કે, આંક–૧૪વાળી ભોગબનનારના મેડીકલ તપાસની યાદીના આધારે આ સાહેદે ભોગબનનારની મેડીકલ તપાસ કરતા પુર્વે તેણીની સમંતિ મેળવી તેણીના ઓળખના નિશાનો નોંધ

કરી ભોગબનનારે આપેલ હિસ્ટ્રી નોંધી તેણીની શારિરીક તપાસ કરતા તેણીને શરીરના અંગો પર કોઈપણ ઈજાના નિશાન જણાયેલ ન હતા. તેમજ ગુપ્ત ભાગે તપાસ કરતા પણ કોઈ ઈજાના નિશાન જણાયેલ નહીં. પરંતુ ભોગબનનારના પેટની તપાસ કરતા તેણીને અઢાર થી વીસ અઠવાડીયાનો ગર્ભ હતો અને તેણીનું હાઈમેન જુનુ તુટેલ હતુ. તેથી આ સાહેદે ભોગબનનારની સોનોગ્રાફી કરેલી. જેમાં ભોગબનનારને ૨૦ અઠવાડીયા અને ૦૧ દિવસનો જીવિત ગર્ભ હતો. આ સાહેદ ભોગબનનારને જરૂરી નમુનાઓ લીધેલા. તેમજ તેણીના અભિપ્રાય પ્રમાણે ભોગબનનારને જીવિત ગર્ભ હોય કોઇ બળજબરીપુર્વક શારિરીક સબંધ જણાયેલ હોય તેવુ જણાતુ  નહતુ તેમ છતાં આ પહેલા થયેલા બળજબરીપુર્વકના શારિરીક સબંધને નકારી શકાય તેમ નથી. ત્યારબાદ તેણી વધુમાં એવો પુરાવો આપે છે કે, ભોગબનનારને ગર્ભપાત કરવા ઈચ્છતા હોય તેણીને માનસિક રોગના ડોકટર પાસે રીફર કરેલા અને આ અંગે કાર્યવાહી કરેલી અને ગર્ભપાત અંગેની મંજુરી મળતા તા.૦૨.૦૯.૨૦૨૩ ના રોજ ભોગબનનારને ફરી દાખલ કરી તા.૦૩.૦૯.૨૦૨૩ ના રોજ જરૂરી કાર્યવાહી કરી ભોગબનનારનું ગર્ભપાત કરાવેલ. ત્યારબાદ તા.૦૪.૦૯.૨૦૨૩ ના રોજ તેણી સ્થિર હાલતમાં જણાતા તેણીને ડિસ્ચાર્જ કરેલ. આ સાહેદ પોતાના પુરાવામાં આંક–૧૫ વાળું મેડીકલ સર્ટીફીકેટ રજુ કરેલ છે. તેમજ ભોગબનનારની તપાસ દરમ્યાન ભોગબનનારના શરીર પરથી જરૂરી નમુનાઓ મેળવેલ તેમજ ગર્ભપાતની તબીબી કાર્યવાહી દરમ્યાન પ્લાસેન્ટા, અબોર્ટસ (ભૃણ) અને ભોગબનનારના ડી.એન.એ. તપાસ માટે લોહીના નમુના મેળવી મોકલી આપેલ.

બચાવપક્ષે આ સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતા તેવી હકીકત રેકર્ડ પર આવેલ છે કે, આ સાહેદે ભોગબનનારની ઉમર અંગે કોઈ દસ્તાવેજ જોયેલ નથી, તેણીએ પોલીસ યાદીનો અભ્યાસ કરેલો. ભોગબનનારનો ગુપ્ત કે બાહ્ય ભાગે કોઈ ઈજાના નિશાન હતા તેમજ ભોગબનનાર સાથે બળજબરીથી શારિરીક સબંધ બંધાયેલ હોય તેવુ

ચોકકસ કહી શકાય નહીં. તેમજ ભોગબનનાર તેણી પાસે આવેલ ત્યારે તેણીની માનસિક અને શારિરીક સ્થિતી સ્વસ્થ હતી. તેમજ ભોગબનનાર ગર્ભપાત કરાવવા આવેલા ત્યારે પણ સ્વસ્થ રીતે ચાલીને આવેલા. આ સિવાય કોઈ મહત્વની હકીકત રેકર્ડ પર આવેલ નથી.

**આમ, આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતા ભોગબનનારને શરીરના બાહ્ય કે આંતરિક ભાગ પર કોઈ ઈજાના નિશાન જણાઈ આવેલ નથી. પરંતુ ભોગબનનારને વીસ અઠવાડીયાનો ગર્ભ હતો અને તે કાયદેસરની કાર્યવાહી કરી આ સાહેદ દ્વારા ભોગબનનારને ગર્ભપાત કરાવવામાં આવેલ અને તે સમયે ભોગબનનારના તથા ગર્ભના જરૂરી નમુનાઓ પણ આ સાહેદ દ્વારા લેવામાં આવેલ.**

૧૨. ફરીયાદપક્ષે સાહેદ નં.૩ આંક-૧૭થી ડો. રાજેશ હિરાલાલ ખત્રી નાઓને તપાસેલ છે. આ સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા એવી હકીકત રેકર્ડ પર આવેલ છે કે, આ સાહેદે આંક-૧૮વાળી મેડીકલ યાદીના આધારે આરોપીની મેડીકલ તપાસ કરેલી અને તે પુર્વે આરોપીના ઓળખના ચિન્હો તથા સમંતિ મેળવેલી. તેમજ આરોપી દ્વારા જે હિસ્ટ્રી આપવામાં આવેલી તે નોંધેલી અને આરોપીના તપાસ દરમ્યાન જરૂરી નમુનાઓ તથા ડી.એન.એ. સેમ્પલો મેળવેલા જે સીલબંધ કરી પોલીસ કર્મચારીને આપેલા અને આ સાહેદના મંતવ્ય પ્રમાણે આરોપી શારિરીક સબંધ બાંધવા માટે સક્ષમ હતો. આ સાહેદ પોતાના પુરાવામાં આંક-૧૯થી આરોપીના મેડીકલ તપાસના કાગળો તથા આંક-૨૦થી તે અંગેનું રીપોર્ટ રજુ કરેલ છે.

બચાવપક્ષે આ સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતા એવી હકીકત રેકર્ડ પર આવેલ છે કે, તેઓએ આરોપી તેઓની પાસે સારવાર માટે લાવેલ ત્યારે પોલીસ યાદીનો અભ્યાસ કરેલો. આ સિવાય અન્ય કોઈ મહત્વની હકીકત રેકર્ડ પર આવેલ નથી.

**આમ, આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતા એવી હકીકત સ્પષ્ટપણે ફલિત થાય છે કે, આરોપી શારિરીક સબંધ બાંધવા માટે સક્ષમ હતા તેમજ આ સાહેદ દ્વારા આરોપીની મેડીકલ તપાસ કરી જરૂરી**

**નમુનાઓ તથા ડી.એન.એ. સેમ્પલો પૃથ્થકરણ અર્થે મેળવેલા.**

૧૩. ફરીયાદપક્ષે સાહેદ નં.૧૩ આંક–૬૧થી અશ્વિન અનિલભાઇ ગામીત નાઓને તપાસેલ છે. આ સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા એવી હકીકત ફલિત થાય છે કે તેઓને આ ગુનાના કામે મેળવેલ ભોગબનનાર, આરોપી તથા ભૃણના ડી.એન.એ. સેમ્પલ પૃથ્થકરણ અર્થે તેઓને મળતા અને ડી.એન.એ. સેમ્પલ એફ.એસ.એલ. સુરત ખાતે સ્વીકારેલ હોય ત્યારબાદ પાર્સલ "એ–૯" નું કે જે ભોગબનનારના બ્લડના નમુના હતા, પાર્સલ "બી–૭" જે આરોપીના બ્લડના નમુના હતા અને પાર્સલ "એ–૧૧" કે જે ભૃણના નમુના હતા અને પાર્સલ "એ–૧૨" કે જેમાં ભોગબનનારના પ્લેસ્ટાનો નમુનો હતો. આ સાહેદ વધુમાં એવો પુરાવો આપે છે કે તેઓએ ઉપરોકત નમુનામાંથી "એ–૯", "બી–૭" "એ–૧૧" ડી.એન.એ. પરિક્ષણ અર્થે પસંદ કરેલા અને ડી.એન.એ. પ્રોફાઇલીંગ મેળવેલ અને તેના ઉપર જરૂરી કાર્યવાહી કરતા તેઓ એવા અવલોકન પર આવેલ કે "એ–૧૧" વાળા ભૃણના ડી.એન.એ. પ્રોફાઇલીંગમાંથી એક એલીલ ભોગબનનારના બ્લડ તથા બીજી એલીલ (નોન મેટરનલ) આરોપીના બ્લડ નમુના "બી–૭" સાથે મેચ થાય છે. જેથી આ સાહેદના અભિપ્રાય મુજબ આરોપી ભૃણના જૈવિક પિતા હતા. તેઓએ પોતાના પુરાવા દરમ્યાન આંક–૬૨ વાળા પત્રના આધારે ભોગબનનાર, ભૃણ તથા આરોપીના બ્લડ નમુના ઉપર કરેલ ડી.એન.એ. ટેસ્ટનો રીપોર્ટ રજુ કરેલ છે.

બચાવપક્ષે આ સાહેદની ઉલટતપાસમાં રેકર્ડ પર લાવેલ હકીકતો ધ્યાને લેતા ભોગબનનાર અને આરોપીના બ્લડ સેમ્પલના ડી.એન.એ. પરથી તેઓ ભૃણના જૈવિક માતા પિતા હોવા અંગેની હકીકત અંગે આ સાહેદે આપેલ પુરાવામાં શંકા પ્રેરિત કરે તેવી કોઇ હકીકત કે મહત્વનો પુરાવો રેકર્ડ પર લાવેલ નથી.

**આમ, આ સાહેદનો પુરાવો ધ્યાને લેતા આ સાહેદે ભોગબનનાર, ભૃણ તથા આરોપીના મળેલ લોહીના નમુના ઉપર**

**ડી.એન.એ. એનાલીસીસને નિયત પ્રક્રિયા મુજબ પ્રક્રિયા કરી પૃથ્થકરણ કરતા આરોપી ભૃણના જૈવિક પિતા હોવાની હકીકત ફલિત થયેલ છે. તેવા સંજોગોમાં ભોગબનનારના પેટના જે ગર્ભ રહેલ તે આરોપી થકી રહેલો તેવી હકીકત સ્પષ્ટપણે ફલિત થાય છે અને આ હકીકત અંગે શંકા પ્રેરિત કરે તેવી કોઇ મહત્વની હકીકત બચાવપક્ષ રેકર્ડ પર લાવેલ નથી.**

**આરોપીના કપડા અને ભોગબનનારના કપડા અંગેનો પુરાવોઃ-**

૧૪. ફરીયાદપક્ષે સાહેદ નં.૬ આંક-૨૯થી પ્રશાંતકુમાર ગોરધનભાઇ હિન્સુ નાઓને તપાસેલ છે. તેઓનો પુરાવો ધ્યાને લેતા તેઓ આંક-૩૦થી આરોપીનુ શરીરસ્થિતીનું પંચનામું, આંક-૩૧થી આરોપીના કપડા અને મોબાઇલ કબજે કર્યાના પંચનામાંના, આંક-૩૬થી ભોગબનનારના કપડા તથા મોબાઇલ ફોન કબજે કર્યાનું પંચનામું, તથા આંક-૪૨થી શ્રી પેલેસ હોટલમાં બનેલ બનાવ અંગે જે રૂમોમાં ભોગબનનાર અને આરોપી ગયેલા તે તમામ ગુનાવાળી જગ્યાનું પચંનામું તથા આંક-૪૩થી આ હોટલના સીસીટીવી ફુટેજ કબજે કર્યાનું પંચનામું, તથા આંક-૪૪થી તેની ડીવીડી તેમજ આંક-૩૨ થી આંક-૩૫ તથા આંક-૩૭થી આંક-૪૧વાળી પંચસ્લીપોના તથા આંક-૪૫ વાળી પંચસ્લીપના પંચનામાંના પંચ સાહેદ છે.

આ સાહેદ પોતાના પુરાવામાં એવી હકીકત સ્પષ્ટપણે જણાવે છે કે, તા.૨૭.૦૮.૨૦૨૩ ના રોજ તેઓ તથા બીજા પંચ મુકેશભાઇ ગુર્જર સરથાણા પો.સ્ટે. ગયેલા. જયાં આરોપી હાજર હતા અને તેણે શરીરે પહેરેલ કપડા તથા અટક સમયે પંચનામાંની કાર્યવાહી કરવાની હોય જેથી આંક-૩૦ વાળુ આરોપીની શરીરસ્થિતીનું પંચનામું તેઓની હાજરીમાં કરેલુ. ત્યારબાદ તે જ દિવસે સાંજે આરોપી બનાવ સમયે પહેરેલ કપડા તથા મોબાઇલ રજુ કરવાનું જણાવતા આંક-૩૧ વાળા પંચનામાંની વિગતે તે કબજે કરેલ અને આ સાહેદ મુ.મા.આ.નં. ૧ થી ૩ વાળા કપડા તથા મુ.મા.આ.નં.૪ વાળો મોબાઇલ આરોપીનો

હોવાનું તથા તેઓના પિતાએ રજુ કરેલ હોવાનું પોતાના પુરાવામાં જણાવે છે. વધુમાં આ સાહેદ એવુ જણાવે છે કે તા.૨૭.૦૮.૨૦૨૩ ના રોજ બનાવ સમયે ભોગબનનારે પહેરેલ કપડા તથા મોબાઇલ રજુ કરતા આંક–૩૬ વાળા પંચનામાંની રૂએ તે કબજે કરેલા. આ સાહેદ પોતાના પુરાવામાં મુ.મા.આ.નં.૯થી ૧૨ વાળા ભોગબનનારના કપડા તથા મુ.મા.આ.નં.૧૩ વાળો ભોગબનનારનો મોબાઇલ નામ. કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે. તેમજ તા.૨૮.૦૮.૨૦૨૩ ના રોજ આરોપીએ ભોગબનનારની સાથે જયાં જયાં દુષ્કર્મ આચરેલ હોવાનું જણાવેલ તે તે જગ્યા બતાવવા માંગતા હોય તે અનુસાર હોટલ મેરીટોન, હોટલ શ્રીજી પેલેસ અને હોટલ બ્લુ પોઇન્ટમાં ગયેલા. જયાં અલગ અલગ રૂમોનું પંચનામાં આંક–૪૨થી કરવામાં આવેલુ. વળી, આ સાહેદ પોતાના પુરાવામાં એવુ પણ જણાવે છે કે તા.૨૯.૦૮.૨૦૨૩ ના રોજ પોલીસ કોન્સ. અભેસિંહ નાઓએ તેઓ રૂબરૂ મોજરબીયર ની એક ડીવીડી જે શ્રી પેલેસ હોટલના રીસેપ્શનમાં લગાવેલ સીસીટીવી કેમેરાની ભોગબનનાર અને આરોપીની તા.૧૯.૦૬.૨૦૨૩, તા.૨૪.૦૬. ૨૦૨૩, તા.૩૦.૦૬.૨૦૨૩, તા.૦૪.૦૭.૨૦૨૩ ની વિડીયો કલીપ જેમાં ભોગબનનાર અને આરોપી તેઓની હોટલમાં પ્રવેશ કરતા તથા નીકળતા તેમજ રૂમનું ભાડુ ચુકવતા દેખાય છે તેની ડીવીડી રજુ કરતા તે ડીવીડી આંક–૪૩ વાળા પંચનામાંની વિગતે આંક–૪૪થી કબજે કરેલ. આ સાહેદ મુ.મા.આ.નં. ૧૪ વાળી ડીવીડી તથા તેમાં મેળવેલી ઉપરોકત તારીખોની વિડીયો કલીપ નામ. કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે. આ સાહેદ પોતાના પુરાવામાં આંક–૩૨ થી આંક–૩૫, આંક–૩૭ થી આંક–૪૧ અને આંક–૪૫ વાળી પંચસ્લીપમાં પોતાની સહી ઓળખી બતાવે છે.

બચાવપક્ષે આ સાહેદની વિસ્તૃત ઉલટતપાસ કરવામાં આવેલ છે. પરંતુ આ સાહેદે પોતાની સરતપાસમાં તેઓની હાજરીમાં પંચનામાંની વિગતે કબજે કરેલ મુ.મા. કપડા, ડીવીડી તથા પંચસ્લીપો પર તેઓની સહીઓ અંગે શંકા પ્રેરિત કરે તેવી કોઇ હકીકત રેકર્ડ પર

લાવી શકેલ નથી.

**આમ, આ સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા તપાસ દરમ્યાન પંચનામાંની વિગતે આરોપી તથા ભોગબનનારના કપડા તથા મોબાઇલ કબજે કરેલાનો તેમજ શ્રી પેલેસ હોટલના રીસેપ્શન કાઉન્ટર ઉપર લગાડેલ સીસીટીવીમાં આરોપી અને ભોગબનનારનો હોટલમાં પ્રવેશ તથા હોટલમાંથી બહાર નીકળ્યાના સીસીટીવી ફુટેજ કબજે કર્યાનું ફલિત થાય છે. આથી વિશેષ કોઇ હકીકત ફલિત થતી નથી.**

૧૫. ફરીયાદપક્ષે સાહેદ નં.૧૨ આંક–૫૬થી કલ્પેશ કાંતિલાલ મોઢ નાઓને તપાસેલ છે. આ સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા એવી હકીકત ફલિત થાય છે કે, તપાસ દરમ્યાન ભોગબનનાર તથા આરોપીના કબજે કરેલ કપડા પૃથ્થકરણ અર્થે આ સાહેદ સમક્ષ મળતા આ સાહેદે તે અંગેનું પૃથ્થકરણ કરી પોતાનો રીપોર્ટ રજુ કરેલ. જે મુજબ આરોપી અને ભોગબનનારના કપડા ઉપર તથા મેડીકલ નમુનાઓ ઉપર રૂધિર, લાળ, વાળ કે વિર્યની હાજરી મળી આવેલ નથી. આ સાહેદે પોતાના પુરાવા દરમ્યાન આંક–૫૭, આંક–૫૮, આંક–૫૯થી મુ.મા. પૃથ્થકરણ અર્થે તેઓને મળ્યાનો એફ.એસ.એલ.નો પત્ર તથા આંક–૬૦થી એફ.એસ.એલ. ના બાયોલોજીકલ અને સીરોલોજીકલ અહેવાલ અને પત્ર રજુ કરેલ છે.

**આમ, આ સાહેદના પુરાવા પરથી એવી હકીકત ફલિત થાય છે કે, ભોગબનનારના કપડા અને આરોપીના કપડા પર આરોપીને ગુના સાથે સાંકળતી કોઇ મહત્વની કડી પ્રકાશિત થતી નથી.**

૧૬. ફરીયાદપક્ષે સાહેદ નં.૧૫ આંક–૭૪થી અભેસિંહ ગમજી રાજપુત નાઓને તપાસેલ છે. તેઓનો પુરાવો ધ્યાને લેતા તેઓ એવુ જણાવે છે કે, આ ગુનાના કામે તેઓને તપાસ કરનાર અમલદાર કે. એ. ચાવડા નાઓને સુચના મળતા તેઓ શ્રીજી પેલેસ હોટલમાં ડીવીઆર લગાડેલ હોય તે ડીવીઆરમાંથી અલગ અલગ છ સાત દિવસની કુલ ૭ કલીપો પેનડ્રાઇવમાં લઇને ડીવીડી બનાવીને લાવેલા. આ સાહેદ આંક–૪૪ વાળી ડીવીડી તે જ હોવાનું જણાવે છે. જેમાં ભોગબનનાર તથા આરોપી

તા.૧૯.૦૬.૨૦૨૩, તા.૨૪.૦૬.૨૦૨૩, તા. ૩૦.૦૬.૨૦૨૩ તથા તા.૦૪.૦૭.૨૦૨૩ ના રોજની હોટલમાં પ્રવેશ કરતા તથા બહાર નીકળતા દેખાય છે. જે આંક–૪૩ વાળા પંચનામાંની રૂએ કબજે કરેલ અને તેઓએ હોટલના ડીવીઆર માંથી પેનડ્રાઇવમાં ઉપરોકત ફુટેજો મેળવતા ડીવીડી કે પેનડ્રાઇવમાં કોઇ છેડછાડકરેલ નથી તે અંગે સર્ટીફીકેટ આંક–૬૬ વાળુ આપેલ. જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

બચાવપક્ષે આ સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતા એવી હકીકત રેકર્ડ પર આવેલ છે કે તેઓએ બી.એસ.સી. સુધીનો અભ્યાસ કરેલ છે. તેઓને કોમ્પયુટર કે ફોટોગ્રાફીનો કોઇ વિશેષ કોર્ષ કરેલ નથી. તેમજ આંક–૬૬ માં પેનડ્રાઇવ અને ડીવીડી કઇ કંપનીની હતી અને કઇ જગ્યાએથી ખરીદ કરેલ તે અંગે કશું જણાવેલ નથી. આથી વિશેષ કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

**આમ, આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતા એવી હકીકત ફલિત થાય છે કે, આ સાહેદ પોતાની ફરજના ભાગરૂપે તપાસ કરનાર અમલદારની સુચનાના આધારે શ્રીપેલેસ હોટલમાં ગયેલ અને ત્યાં બનાવ અંગે હોટલના ડીવીઆરમાં રેકર્ડ થયેલ સીસીટીવી ફુટેજ જોતા તેમાં ઉપરોકત તારીખોએ આરોપી અને ભોગબનનાર આ હોટલમાં પ્રવેશ કરતા તથા નીકળતા દેખાતા હોય જેથી તે હોટલના ડીવીઆર માંથી પેનડ્રાઇવમાં ફુટેજો મેળવી આંક–૪૩ વાળા પંચનામાંની વિગતે આંક–૬૬ વાળા સર્ટીફીકેટથી રજુ કરેલ છે.**

૧૭. ફરીયાદપક્ષે સાહેદ નં. ૧૧ આંક–૫૪થી પો.કો. પ્રકાશ નારસિંહ નાઓને તપાસેલ છે અને તેઓએ પોતાના પુરાવામાં આંક–૫૫થી સ્ટેશન ડાયરીમાં આંક–૧૨ વાળી ફરીયાદની નોંધ રજુ કરેલ છે. આ સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા એવી હકીકત ફલિત થાય છે કે ફરીયાદીએ પોતાની આંક–૧૨ વાળી ફરીયાદ પી.એસ.આઇ. કરમટા રૂબરૂ આપતા તે નોંધ્યા બાદ આ સાહેદ તરફ દાખલ થવા માટે મોકલી આપતા તેઓએ પો.સ્ટે.માં ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ સુપરત

કરેલ. તે સિવાય તેઓએ અન્ય કોઇ કામગીરી કરેલ નથી.

**ભોગબનનારનો પુરાવોઃ–**

૧૮. સદર કામે ફરીયાદપક્ષે આરોપી સામેના આક્ષેપિત ગુનાઓનું સ્વરૂપ ધ્યાને લેતા ભોગબનનારનો પુરાવો મહત્વનો પુરાવો છે. જેની ચર્ચા નીચે મુજબ કરવામાં આવેલ છે.

સદર કામે ભોગબનનારને ફરીયાદપક્ષે સાહેદ નં.૪ આંક–૨૧થી તપાસેલ છે. તેણી પોતાના પુરાવામાં એવુ જણાવે છે કે તેણીએ ધોરણ–૧૦ સુધી અભ્યાસ કરેલ છે અને આગામી વર્ષમાં ધોરણ–૧૧ માં પ્રવેશ મેળવનાર છે. તેણીની મોટી બહેનના લગ્ન થઇ ગયેલ છે. તેનાથી નાનો ભાઇ છે જે ધોરણ–૧૨ માં ભણે છે અને આરોપી તેણીના ઘરની બાજુમાં પુઠાની દુકાન ચલાવતો હોય જેથી તેણી આરોપીને ઓળખે છે. તેણી વધુમાં એવુ જણાવે છે કે સને ૨૦૧૭ ની સાલમાં આરોપી તેમની દુકાને આવતો હોય જેથી ઓળખાણ થયેલી. ત્યારબાદ તેઓ બીજી સોસાયટીમાં રહેવા ગયેલા અને લોકડાઉન પછી તેઓના પિતાએ તેણીને મોબાઇલ અપાવેલ અને તે ઓપ્પો કંપનીનો ફોન હતો. તેણી મોબાઇલનો ઉપયોગ કરતી હતી અને ઇન્સ્ટાગ્રામ ઉપર આઇ.ડી. ખોલેલી.જેના પર આરોપીએ ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલાવતા તેણીએ તે સ્વીકારેલી. ત્યારબાદ તે તેણીને મેસેજ કરતો હતો અને તેઓ બન્ને વચ્ચે હાય હેલોની વાત થતી હતી. સને ૨૦૨૩ની સાલમાં તેણી કાપોદ્રા ધોરણ–૯માં અભ્યાસ કરતી હતી ત્યારે સ્કુલ છુટયા બાદ સાંજના પાંચ વાગે તેણી રીક્ષામાં પોતાના ઘરે જતી હતી ત્યારે આરોપીએ કાપોદ્રા પાણીની ટાંકી પાસે આવેલો અને તેણે ભોગબનનારને પોતાની ગાડીમાં મિત્રની જેમ બેસાડી દીધેલ.ત્યારબાદ પોતાના રૂમ પર લઇ ગયેલ અને તેણીને કાંઇક સુંઘાડી દીધેલ અને તેણીને બેહોશ કરેલી. **ત્યારબાદ તેની સાથે આરોપીએ ગલત કામ કરેલુ. ત્યારબાદ તેણી ભાનમાં આવતા આરોપીએ તેણીને ફોટા બતાવેલા અને વિડીયો તેના ફોનમાં ઉતારી દીધેલ અને ત્યારબાદ આ**

**વિડીયો અને ફોટા ભોગબનનારના માતા પિતાને કહી દઈશ તેવી ધમકી આપેલી અને ભોગબનનારને કહેલ કે તેઓ જયારે જયાં બોલાવે ત્યારે તેણીને આવવુ પડશે. ત્યારબાદ બે ત્રણ દિવસ પછી સરથાણા જકાતનાકા પાસે વાઈટ હાઉસ ઓયો હોટલમાં બોલાવેલી અને ત્યાં તેણે તેણીની સાથે ફરીથી જબરજસ્તીથી સબંધ બાંધેલ. ત્યારબાદ ફરીથી ભોગબનનારને ધમકી આપેલી. ત્યારબાદ ભોગબનનાર ઘરે રડતી રડતી જતી હતી. ત્યારબાદ પણ ફરીથી ચાર પાંચ દિવસ પછી ભોગબનનારને સરથાણા ખાતે ઓયો હોટલમાં બોલાવેલ અને ત્યારબાદ ફરીથી તેણી સાથે શારિરીક સબંધ બાંધેલ. ત્યારબાદ પણ ભોગબનનાર રડતી રડતી પોતાના ઘરે ઉદાસ થઈને બેઠેલી હતી ત્યારે તેણીની માતાએ તેણીને ઉદાસીનું કારણ પુછતા ભોગબનનારે તેણીને બધી વાત કહેલી. ત્યારબાદ ભોગબનનારની તબીયત ખરાબ થતા તેણીએ પોતાની માતાને તે અંગે જણાવેલુ. જેથી તેણીની માતા તેણીને લઈ સરથાણા પો.સ્ટે. ગયેલ ત્યાં સદર ગુનાની ફરીયાદ આપેલી. ત્યારબાદ તેણીનો મેડીકલ ચેકઅપ કરવા માટે લઈ ગયેલા અને તેણીની સમંતિથી મેડીકલ ચેકઅપ થયેલો. તેણીએ ડોકટરને બનાવ અંગેની હિસ્ટ્રી પણ આપેલી. તેમજ ડોકટરશ્રીએ ભોગબનનારને જણાવેલ કે તેણીને છ મહિનાની દિકરી છે. ત્યારબાદ તેણીએ નામ. કોર્ટમાંથી પરવાનગી મેળવી ગર્ભપાત કરાવેલો.** ત્યારબાદ તેણીએ નામ. કોર્ટ સમક્ષ પોતાના ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ ના નિવેદન માટે હાજર થયેલ અને તેણીએ પોતાની સમંતિથી આંક–૨૬ વાળુ નિવેદન આપેલ. આ સાહેદ પોતાના પુરાવામાં મુ.મા.આ.નં.૯ થી ૧૨ તેણીના કપડા તથા મુ.મા.આ.નં. ૧૩ તેણીનો મોબાઈલ નામ. કોર્ટ સમક્ષ ઓળખી બતાવેલ છે તેમજ આરોપીને પણ નામ. કોર્ટ સમક્ષ ઓળખી બતાવેલ છે.

તેણીવધુમાં એવુ પણ જણાવે છે કે,તેણીના ફોટા જે મોબાઈલમાં આરોપીએ બતાવીને બ્લેકમેલ કરતો હતો તે આરોપીનો સેમસંગ ગેલેક્ષી એમ.–૩૧નો મોબાઈલ હતો. **તેમજ એફ.એસ.એલ.**

**રીપોર્ટ સાથે એનેક્ષર બી–૪ થી રજુ ઈમેજ શીટ નં. ૧ થી ૧૩ વાળા ફોટા આરોપીના મોબાઈલમાં તેણીએ જોયેલ હોવાનું જણાવે છે અને મુ.મા.આ.નં.૪ આરોપીનો ફોન હોવાનું તેણી ઓળખી બતાવે છે.**

બચાવપક્ષે આ સાહેદની વિસ્તૃત ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં મહત્વની એવી હકીકતનો આ સાહેદ સ્વીકાર કરે છે કે, બનાવ બન્યો ત્યારે તેણી ધોરણ–૯માં અભ્યાસ કરતી હતી, **સને ૨૦૧૭થી તેણી આરોપીને ઓળખે છે અને ત્યારથી આરોપી સાથે વાતચીત કરતી હતી,તેમજ લોકડાઉનથી જુબાની સુધી આરોપી સાથે વાત કરવાનું પ્રસંગ બનેલ નથી**, તેણી સ્કુલથી જ છુટીને સીધા ઘરે જતી હતી, સ્કુલથી ઘરે મોડી પહોંચે તો ઘરના લોકો કેમ મોડુ થયુ તે અંગે પુછતા હતા, તેમજ તેણી કોઈ જગ્યાએ જાય તો પોતાના ઘરવાળાની પરવાનગી લઈને જતી હતી, **આરોપી તેણીને જે ઘરે લઈ ગયેલ તે કેટલા માળનું હતુ તે તેણીને ખબર નથી, પરંતુ આ ઘર પાકુ હતુ, આરોપી તેણીને બેહોશ કરીને તેના ઘરે લઈ ગયેલો, સને ૨૦૧૭થી ૨૦૧૯ સુધી આરોપીએ તેણીની કોઈ છેડતી કરેલ નથી. તેણી એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આરોપી તેણીને બેહોશ કરીને લઈ ગયેલ તેવી હકીકત તેણીએ પોતાના નિવેદનમાં લખાવેલ નથી, તેણી એવુ પણ સ્વીકારે છે કે, તેણી ઓપ્પો કંપનીનો મોબાઈલ વાપરતી હતી અને તેમાં વોટસ, ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પણ છે જે તેણીને વાપરતા આવડે છે. તેણીને સેલ્ફી પણ લેતા આવડે છે અને એક ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. ઘણા બધા ફોનમાં ચાલી શકે.**

**બચાવપક્ષે ભોગબનનારની ઉલટતપાસ દરમ્યાન એનેક્ષર–બી–૪ વાળા ઈમેજ શીટ નં. ૧ થી ૧૩ વાળા આંક–૨૮થી રજુ ફોટા તેણીને બતાવતા તેણી એ હકીકતનો સ્પષ્ટ સ્વીકાર કરે છે કે, જે વ્યકિત સેલ્ફી પાડે તેના હાથમાં મોબાઈલ હોય છે અને આ ફોટાના પેજ નં.૯ ઉપર આવા ફોટા પૈકીનો ફોટો તેણીએ પાડેલ છે. સાહેદ એવુ પણ જણાવે છે કે, આ ફોટા તેણી પાસે જબરજસ્તીથી પડાવેલ. પેજ નં.૧૦ પર ફોટો છે તે તેણીએ પાડેલ. સાહેદ એવુ જણાવે છે કે તે તેણીને**

**ચીમટી મારેલી હતી એટલે પાડેલ. સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે પેજ નં.૧૦ વાળા ફોટામાં તેણી હસતી દેખાય છે અને આંક-૨૮થી રજુ ઈમેજ શીટ નં.૧૩ ના ફોટા તેણી બેભાન હોય તેવા ફોટા નથી.**

**તેણી એ હકીકતનો સ્વીકાર કરે છે કે આરોપીએ તેણીને અલગ અલગ હોટલમાં લઈ જતો હતો તે અંગેની જાણ તેણીએ પોતાના ઘરે કરેલી નથી, તેણીને કઈ તારીખે અને કયા સમયે હોટલમાં લઈ ગયેલો તે અંગેનો ઉલ્લેખ પોતાના નિવેદનમાં કરેલ નથી, આરોપી તેણીને જબરજસ્તીથી લઈ જતો હતો જે અંગેની જાણ તેણીએ સ્કુલમાં કે ઘરે કરેલી નથી, તેણીએ કોઈ હોટલમાં પણ કોઈને જાણ કરેલી નથી કે મદદ લીધેલ નથી.**

આ સિવાય ભોગબનનારના પુરાવામાં અન્ય કોઈ મહત્વની હકીકત રેકર્ડ પર આવેલ નથી.

**આમ, ભોગબનનારના ઉપરોકત પુરાવો ધ્યાને લેતા એવી હકીકત સ્પષ્ટપણે ફલિત થાય છે કે ભોગબનનાર અને આરોપી એકબીજાને સને ૨૦૧૭થી ઓળખે છે કારણ કે આરોપી તેઓના અગાઉના ઘરની બાજુમાં જ દુકાન ચલાવતા હતા. જેથી આરોપીની ઓળખ અંગે કોઈ તકરાર રહેતી નથી. વળી, ભોગબનનારના પુરાવામાં એવી હકીકત ભોગબનનાર સ્પષ્ટપણે જણાવે છે કે, તેણી ધોરણ-૯માં અભ્યાસ કરતી હતી અને બનાવ સમયે પણ તેણી ધોરણ-૯માં અભ્યાસ કરતી હતી તેવી હકીકત પણ બચાવપક્ષ રેકર્ડ પર લાવેલ છે. તેવા સંજોગોમાં બનાવ સમયે ભોગબનનાર ધોરણ-૯માં અભ્યાસ કરતા હોવાનું સ્પષ્ટપણે ફલિત થાય છે. વળી, એવી હકીકત પણ રેકર્ડ પર આવેલ છે કે ભોગબનનાર અને આરોપીના આંક-૨૮ વાળા ફોટા સાથે પડાવેલ ફોટા છે. જેમાં જે વ્યકિત છે તે આ બન્ને છે અને આ ફોટા કોઈપણ પ્રકારની યાંત્રિક પધ્ધતિથી કોઈપણ પ્રકારના ચેડા કરવામાં આવેલ નથી. તેમજ આ ફોટા આરોપીના મોબાઈલમાં હતા તેવી હકીકત ભોગબનનાર પોતે પોતાના પુરાવામાં જણાવે છે જે હકીકતને બચાવપક્ષે પડકારેલ નથી અને બચાવપક્ષે મુ.મા.આ.નં. ૪ વાળો ફોન**

**આરોપીનો નથી તેવી હકીકત રેકર્ડ પર લાવેલ નથી. વળી, એવી હકીકત પણ બચાવપક્ષ રેકર્ડ પર લાવેલછે કે આરોપીએ તેણીને અલગ અલગ હોટલમાં લઈ જતા હતા. આ તબકકે એ નોંધવુ આવશ્યક છે કે ભોગબનનારે તે બાબતની જાણ પોતાના ઘરે કે સ્કુલમાં કોઈને કરેલ નથી. પરંતુ અગાઉ જણાવ્યા પ્રમાણે આરોપી જ ભોગબનનારને અલગ અલગ હોટલમાં લઈ જતા હતા તેવી હકીકત સ્પષ્ટપણે ફલિત થાય છે. વળી, અગાઉ જણાવ્યા પ્રમાણે ભોગબનનાર બનાવ સમયે સગીર વયના હતા તેવા સંજોગોમાં તેમની સમંતિ એ અસ્થાને હોય જેથી તે અંગે વધુ ચર્ચાને અવકાશ રહેતો નથી.**

**ભોગબનનારના માતા પિતાનો પુરાવોઃ-**

૧૯. ફરીયાદપક્ષે સાહેદ નં.૧ આંક-૧૧થી ભોગબનનારની માતાને તપાસેલ છે. તેણીનો પુરાવો ધ્યાને લેતા તેણી બનાવ અંગે મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, ભોગબનનાર તેમની સૌથી નાની દિકરી છે અને તેની ઉમર ૧૫ વર્ષ છે.તેણી ધોરણ-૧૦માં અભ્યાસ કરે છે. તેણીનો જન્મ તા.૦૯.૧૨ ના રોજ રાજસ્થાનમાં થયેલો. તેણીને જન્મનો વર્ષ યાદ નથી. તેણી વધુમાં એવો પુરાવો આપે છે કે ભોગબનનારે સ્કુલે જતી હતી અને એક મહિના સુધી ગુમસુમ રહેતી હતી અને માથુ પકડીને બેસી રહેતી હતી જેથી તેણીએ ભોગબનનારને પુછતા તેણીએ જણાવેલ કે, સને ૨૦૧૭માં તેઓ અગાઉ જે જગ્યાએ રહેતા હતા ત્યાં દુકાન ચલાવતા હતા તે વખતે તેમના ઘરની બાજુમાં આરોપી પસ્તીની દુકાન ચલાવતો હતો અને અવાર નવાર તેમની દુકાને આવતો હતો જેના કારણે તેણીનો પરિચય થયેલો. ત્યારબાદ તે લોકો બીજે રહેવા આવતા રહેલા અને તેણીની પાસે ઈન્સ્ટાગ્રામ નંબર લઈ લીધેલો અને તે ભોગબનનારને પરેશાન કરવા લાગેલો અને ભોગબનનાર સ્કુલેથી આવતા હતા ત્યારે રસ્તામાં ગાડી લઈને ઉભો રહેતો અને ભોગબનનારને જબરજસ્તીથી લઈ જતો હતો અને તેણીને બેભાન કરીને તેણી સાથે બળાત્કાર કરેલો. આરોપીએ એવુ પણ જણાવેલ કે હું

ફોન કરૂ ત્યારે તુ આવી જજે અને જો નહિં આવે તો મેં તારા વિડીયો ઉતારેલ છે તે સગાવ્હાલાને બતાવી દઇશ તેવી ધમકી આપતો હતો અને આરોપી પોતાની રૂમ પર અને હોટલમાં લઈ જતો હતો અને ભોગબનનાર સાથે બળાત્કારને કારણે તેણીને ગર્ભ રહેલો. જેથી તેણીએ આંક–૧૨ વાળી ફરીયાદ આપેલી. તેણીએ આરોપી તથા આંક–૧૨ વાળી ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે. તેણી વધુમાં એવુ પણ જણાવે છે કે ભોગબનનારને ડો. પાસે લઈ ગયેલા ત્યારે તેણીને ખ્યાલ આવેલ કે ભોગબનનારને પાંચ છ માસનો ગર્ભ હતો જે ત્યારબાદ નામ. કોર્ટમાંથી પરવાનગી મેળવી ટર્મીનેટ કરાવેલો. ભોગબનનાર ધોરણ–૯માં કાપોદ્રા વરાછા ખાતે અભ્યાસ કરતા હતા.

બચાવપક્ષે આ સાહેદની ઉંડાણપુર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં આ સાહેદ મહત્વની એવી હકીકતનો સ્વીકાર કરે છે કે, તેણીના લગ્ન ૨૪ વર્ષ પહેલા થયેલા, આ તેણીના બીજા લગ્ન છે, તેણીના બીજા લગ્ન પછી ચાર પાંચ વર્ષ પછી દિકરાનો જન્મ થયેલો, **તા.૨૬.૦૮.૨૦૨૩ ના રોજ તેણીએ પોલીસ કેસ કરેલ ત્યારે મેડીકલ તપાસ કરાવતા તેણીને ખબર પડેલી કે ભોગબનનાર ગર્ભવતી છે અને કોઈપણ સ્ત્રીને ગર્ભ રહે તો ઉલટી થવી, ચકકર આવવા તેવા લક્ષણો જોવા મળે છે, તેણીને ભોગબનનારને ગર્ભ રહેલાની જાણ ફરીયાદ પહેલા હતી નહીં, ભોગબનનાર જે સ્કુલે જતી હતી તેનું અંતર ઘરેથી ૧૦–૧૫ મિનીટ જેટલુ થાય છે, ભોગબનનાર પાસે ધોરણ–૯માં અભ્યાસ કરતી હતી ત્યારથી મોબાઈલ હતો, આરોપી પહેલા તેઓના ઘરની બાજુમાં રહેતો હતો અને પસ્તીની દુકાન હતી અને આરોપીની દુકાનને કારણે તેઓની દુકાન ઓછી ચાલતી હતી જે તેઓને ગમતુ ન હતુ, આરોપી તેઓની બાજુમાં રહી કામ કરતો હોય જેથી ઓળખે છે, આરોપી મોટર સાયકલ લઈને આવતો અને મોટર સાયકલ ચલાવનાર આગળ હોય અને બેસનાર પાછળ હોય, મોટર સાયકલમાં કોઈને જબરજસ્તીથી પાછલ બેસાડી તો તે વ્યકિત કુદી જાય અથવા તો તે બુમો પાડે ભોગબનનારે આવુ કયારેય કરેલ નથી, આ સાહેદ એવુ**

**જણાવે છેકે ભોગબનનારને આરોપી કાંઇક સુંઘાડતો હતો, આ સાહેદ એ હકીકતનો પણ સ્વીકાર કરે છે કે આરોપી ભોગબનનારને કાંઇક સુંઘાડીને મોટર સાયકલ પર લઈ જતો હતો તેવી હકીકત તેણીએ ફરીયાદમાં જણાવેલ નથી**. તેમજ આરોપી અને ભોગબનનારના મોબાઈલ નંબર પણ પોતાની ફરીયાદમાં જણાવેલ નથી, પોલીસ સ્ટેશનમાં તેણી અને ભોગબનનાર તા.૨૬.૦૮.૨૦૨૩ ના રોજ ગયેલા, ત્યારબાદ તેણીના પતિ અને દિકરો પણ ત્યાં આવેલા, તેણી બોલતી હોય અને પોલીસ લખતુ હોય તેવુ બનેલ નથી, તેમજ પોલીસે ફરીયાદમાં શું લખેલ તેની ખબર નથી, તેમજ ફરીયાદમાં ભોગબનનારની જન્મ તારીખ લખાવેલ નથી, **આરોપી, ભોગબનનારને ધમકી આપતો હતો તે હકીકત ભોગબનનારે આ સાહેદને જણાવેલી તે પહેલા કોઇને જણાવેલ નથી, આરોપીએ કોઈ ફોટા વાયરલ કરેલ નથી, ભોગબનનારનો મોબાઈલ પોલીસ કબજે કરેલ અને તેમાંથી ફોટા કાઢેલા જે તેણીએ પોલીસમાં રજુ કરેલા, તેણી એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ભોગબનનારે તેણીને બનાવની હકીકત જણાવેલ તે મુજબ ફરીયાદ કરેલી અને ભોગબનનારને આરોપી કઈ કઈ જગ્યાએ લઈ ગયેલ તેની તેણીને ખબર નથી**.

**આમ, ઉપરોકત ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતા તેણીને બનાવની જાણ થયા બાદ ફરીયાદ આપેલ છે. ત્યાં સુધી ભોગબનનારને ગર્ભ રહેલો હોય તેની તેણીને જાણકારી ન હતી. તેમજ તેઓ બનાવ પુર્વેથી આરોપીને ઓળખે છે. તેવી રીતે આરોપી તેણીને પણ ઓળખે છે. જેથી આરોપીની ઓળખ અંગે કોઈ તકરાર નથી. આ સાહેદ બનાવના પ્રત્યક્ષ સાહેદ નથી. આ સિવાય અન્ય કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.**

૨૦. ફરિયાદપક્ષે સાહેદ નં.૫ આંક-૨૮ થી ભોગ બનનારના પિતાને તપાસેલ છે. આ સાહેદનો બનાવ અંગે પુરાવો ધ્યાને લેતાં તેમાં મહત્વની એવી હકીકતો જણાવે છે કે, ભોગ બનનાર તેમની સૌથી નાની દિકરી છે જેની જુબાની સમયે ઉંમર ૧૫ વર્ષની હતી અને બનાવ

સમયે તેની ઉંમર ૧૪ વર્ષની હતી. બનાવ તા.૨૬–૮–૨૦૨૩ ના રોજ બનેલો. તે દિવસે તેઓ ઘરે હાજર હતા અને ભોગ બનનાર પણ ઘરે હતા. તેણી છેલ્લાં ૧૫ દિવસથી ખાતી પીતી ન હોય અને બોલતી પણ ન હોય અને ગુમસુમ રહેતી હોય જેથી તેઓએ તેને પુછતાં તેણી એકદમ રડવા લાગેલી અને જણાવેલ કે, સને–૨૦૧૭ ની સાલમાં તેઓ જે સોસાયટીમાં રહેતા હતા તેઓની બાજુમાં ભંગારની દુકાન હતી જેમાં હાલના આરોપી પુંઠાની દુકાન ચલાવતા હતા અને તેણે ભોગ બનનારનો ઈન્સ્ટ્રાગ્રામથી નંબર લીધેલ અને તે ભોગ બનનાર સાથે વાતો કરતો હતો ત્યારે ભોગ બનનાર સ્કુલમાં અભ્યાસ કરતા હતા **ત્યારે સને–૨૦૨૩ ના ફેબ્રુઆરી મહિનામાં આરોપીએ ભોગ બનનારને પોતાના ઘરે લઈ જઈ અને ત્યાં તેણે ભોગ બનનાર સાથે જબરજસ્તીથી ગલત કામ કરેલું અને તેના ફોટા પાડી લીધેલા અને બધાને આ ફોટા વાયરલ કરી નાંખશે તેવી ધમકી ભોગ બનનારને આપેલી. ત્યારબાદ ભોગ બનનારને આરોપી વ્હાઈટ હોટલમાં લઈ ગયેલો અને ત્યાં પણ તેણીની સાથે ખોટું કામ કરેલું અને ત્યારે પણ ભોગ બનનારને જણાવેલ કે, હું જયારે પણ બોલાવું ત્યારે તારે આવવાનું તેમજ તેમ જણાવી ત્યારબાદથી ફરીથી આજ હોટલમાં ભોગ બનનારને પાછી બોલાવી તેણીની સાથે ગલતકામ કરેલું. ત્યારબાદ ભોગ બનનારને ચોથી વખત મેરીટોન હોટલમાં બોલાવી અને ત્યાં આરોપીએ ભોગ બનનાર સાથે ગલતકામ કરેલું**. જે હકીકત ભોગ બનનારે આ સાહેદને જણાવેલી. ત્યારબાદ તેઓ પો.સ્ટે. ગયેલા અને આરોપી વિરૂધ્ધ ફરિયાદ આપેલી. આ સાહેદ આરોપીને નામદાર કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે.

બચાવપક્ષે આ સાહેદને ઉંડાણપુર્વક તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓના લગ્ન અંદાજે ૩૨ વર્ષે થયેલા તેઓની હાલ ઉંમર ૫૩ વર્ષની છે. તેઓની મોટી દિકરીના લગ્ન ૨૦૧૪ માં થયેલા અને તે સમયે તેણીની ઉંમર ૧૯ વર્ષની હતી. તેઓના પ્રથમ પત્નીના અવસાન બાદ તેઓએ બીજા લગ્ન કરેલા. **બનાવ સમયે તેમના દિકરાની ઉંમર આશરે ૧૮ વર્ષની હતી.**

**તેઓની પોલીસ સ્ટેશન બે વાર જવાનું થયેલું, આરોપી તેઓની દુકાને આવતો જતો હતો અને આરોપીને તેઓની દુકાનેથી પુંઠા, પસ્તી લેતો હતો. આરોપી તેઓની દુકાને અવારનવાર આવતો હોય જેથી તેને ઓળખે છે. ભોગ બનનાર આરોપીને ૨૦૧૭ થી ઓળખતી હતી. સને–૨૦૧૭ થી સને–૨૦૨૩ પહેલાં તેઓએ કોઇ ફરિયાદ નોંધાવેલ નથી**. આથી વિશેષ કોઇ હકીકત આ સાહેદના પુરાવામાં રેકર્ડ ઉપર આવેલ નથી.

**તપાસ કરનાર અમલદારનો પુરાવો**

૨૧. ફરિયાદપક્ષે સાહેદ નં.૧૪ આંક–૬૩ થી આ કેસના તપાસ કરનાર અમલદાર નાઓને તપાસેલ છે. તેમનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં એવી હકીકત ફલિત થાય છે કે, આ ગુનાની તપાસ તેઓને મળતાં તેઓએ તપાસ સંભાળી લીધેલી અને ફરિયાદ તથા સંલગ્ન દસ્તાવેજનો અભ્યાસ કરેલો અને આરોપીએ ભોગ બનનાર સાથે ઈનસ્ટ્રાગ્રામ પર મિત્રતા કેળવી પોતાના ઘરે તથા અલગ અલગ હોટલ ઉપર લઈ જઈ તેણીના પરિવારને મારી નાંખવાની અને ફોટાઓ વાયરલ કરવાની ધમકી આપી, બળજબરીથી સંબંધ બાંધેલ હતો. ભોગ બનનારને ચાઇલ્ડ વેલ્ફેર ઓફિસર રૂબરૂ નિવેદન તેણીના લખાવ્યા પ્રમાણે લખવામાં આવેલ તથા ક્રિ.પ્રો.કો.કલમ–૧૬૪ મુજબનું નિવેદન નોંધવા તજવીજ કરેલ અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલા. આરોપીની શરીરસ્થિતિનું પંચનામુ કરેલ. આરોપી ગુનાવાળી જગ્યા બતાવતાં હોય તે જગ્યાનું પંચનામુ કરેલ. આરોપીનું નિવેદન નોંધી મુદત અંદર નામદાર કોર્ટમાં રજૂ કરેલા. ભોગ બનનાર તથા આરોપીએ બનાવ સમયે પહેરેલ કપડાં તથા વાપરેલ મોબાઇલ ફોન કબજે કર્યાનું પંચનામુ કરેલું. ભોગ બનનાર તથા આરોપી જે હોટલમાં ગયેલા તેના સી.સી.ટી.વી.ફુટેજ કબજે કરેલા. તેમજ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) નું સર્ટીફિકેટ મેળવી તપાસના કામે સામેલ રાખેલ તેમજ હોટલ શ્રીપેલેસ તથા હોટલ મેરીટોનનું

એસ.એમ.સી.નું સર્ટી. તથા રજિસ્ટરના ઉતારાની નકલ મેળવી તપાસના કામે સામેલ રાખેલ તેમજ આરોપી અને ભોગ બનનારનું મેડીકલ તપાસ કરાવવા જરૂરી યાદી કરેલી અને ગુનાની ગંભીરતા વધતા તે મુજબનો કલમ ઉમેરો કરવા રિપોર્ટ કરેલો. તપાસ દરમ્યાન કબજે કરેલ મુદ્દામાલ પૃથ્થકરણ અર્થે મોકલવા માટે જરૂરી રવાનગી નોંધ તૈયાર કરેલ તેમજ ભોગ બનનારને ગર્ભ રહેલ હોય તે દુર કરાવવા જરૂરી કાયદાકીય પગલાંઓ લીધેલા અને એફ.એસ.એલ.નો પરીક્ષણ અહેવાલ આવતાં તે તપાસના કામમાં સામેલ રાખેલ અને તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા જણાતાં નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આ સાહેદ પોતાના પુરાવા દરમ્યાન આંક–૬૪ વાળું ભોગ બનનારનું સર્ટીફિકેટ, આંક–૬૫ થી ભોગ બનનારના સ્કુલના રજિસ્ટરના ઉતારાની નકલ તથા એલ.સી., આંક–૬૬ થી પુરાવા અધિનિયમની કલમ–૬૫ (બી) મુજબનું સર્ટીફિકેટ, આંક–૬૭ અને આંક–૬૮ થી કલમ ઉમેરાનો રિપોર્ટ, આંક–૬૯ થી રવાનગી નોંધ, આંક–૭૦ થી ફોરેન્સીકમાંથી આવેલ ભોગ બનનાર તથા આરોપીના મોબાઈલના પૃથ્થકરણ અહેવાલ સાથે ફોરવર્ડીંગ પત્ર તથા પુરાવા અધિનિયમની જોગવાઈ પ્રમાણેનું પ્રમાણપત્ર તથા આંક–૭૧ થી તે અંગેની ડી.વી.ડી. રજૂ કરેલ છે તેમજ આંક–૪૪ વાળી ડી.વી.ડી. તપાસના કામે પોલીસ કોન્સ્ટેબલ અભિસીંગ નાઓએ રજૂ કરેલ તે ઓળખી બતાવે છે. આ સિવાય તપાસ દરમ્યાન તેઓએ તૈયાર કરેલ પંચનામા તથા પંચ સ્લીપો પર તેઓની સહીઓ ઓળખી બતાવે છે. આરોપીને તથા મુદ્દામાલ આર્ટીકલ નં.૧ થી ૪ અને ૯ થી ૧૩ ને નામદાર કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે.

બચાવપક્ષે આ સાહેદની ઉંડાણપુર્વકની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ મહત્વની એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ ગુનાની ફરિયાદ ૧૦ માસ મોડી આપવામાં આવેલી તેવું તેમની તપાસમાં ખુલેલું, આંક–૧૨ વાળી ફરિયાદમાં માહિતીનો પ્રકાર લેખિત લખેલ છે અને આ કામે લેખિત ફરિયાદ તેઓએ મેળવી તપાસના કામે

સામેલ રાખેલ નથી, સામાન્ય રીતે જે મોબાઈલનો આગળનો કેમેરો સામે રાખી ફોટો પાડે તેને સેલ્ફી કહેવાય. આ સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આક–૭૧ વાળા એફ.એસ.એલ. સર્ટીફિકેટ સાથે રજૂ થયેલ ફોટોગ્રાફસમાં અમુક ફોટોગ્રાફ વિકટીમે લીધેલી સેલ્ફી છે, તેઓએ આ કામે  ભોગ બનનાર, આરોપી બંનેના મોબાઈલ કબજે કરેલા, ભોગ બનનાર અને આરોપી બે વર્ષથી ઈન્સ્ટ્રાગ્રામમાં એકબીજાના મિત્ર હતા, વિકટીમ અલગ અલગ સમયે અલગ અલગ હોટલમાં ગયેલ છે, હોટલમાંથી મળી આવેલ  ભોગ બનનારના આધારકાર્ડમાં તેણીની ઉંમર ૧૮ વર્ષથી વધારે છે, ફરિયાદ અને ભોગ બનનારના આધારકાર્ડમાં જન્મ તારીખ અલગ અલગ છે. આથી વિશેષ કોઈ હકીકત બચાવપક્ષ આ સાહેદના પુરાવામાં રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

ફરીયાદપક્ષે આ સિવાય આંક–૪૬થી ભોગબનનારનું સારવાર સર્ટીફીકેટ રજુ કરેલ છે જે બચાવપક્ષે વિ.વ.શ્રીએ શેરો કરી આંક આપવા સામે તકરાર ન હોવાનું જણાવેલ. જેથી તેને આંક પાડેલ છે.

ફરિયાદપક્ષે આ સિવાય અન્ય કોઈ પુરાવો આપવામાં આવેલ નથી.

**ફરીયાદપક્ષે આપેલ પુરાવાનું મુલ્યાંકન આરોપી સામેના આક્ષેપિત ગુનાની તહોમતો માટેના આવશ્યક તત્વો ધ્યાને રાખી નીચે મુજબ કરવામાં આવેલ છે.**

૨૨. ફરીયાદ પક્ષે આપેલ પુરાવાનું મુલ્યાંકન કરતા પુર્વે ફોજદારી ધારાના હાર્દ સમા સિધ્ધાંતો ધ્યાને રાખવા જરૂરી છે જે મુજબ ફરીયાદપક્ષે આરોપી સામેના આક્ષેપો પોતાના પગ પર રહી સાબિત કરવાના રહે છે ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધના આક્ષેપો કડીબધ્ધ રીતે શંકાથી પર સાબિત કરવાના હોય છે જેમાં સાહેદોની સંખ્યા નહીં પરંતુ તેઓએ આપેલ પુરાવાની ગુણવત્તા મહત્વની હોય છે. વળી, આ પ્રકારના કિસ્સામાં કે જયારે બનાવ રૂમની ચાર દિવાલો વચ્ચે બનતા હોય ત્યારે આરોપી અને ભોગબનનાર સિવાય અન્ય કોઈ પ્રત્યક્ષ સાહેદ હોઈ શકે

નહીં. જેથી આ પ્રકારના બનાવોમાં ભોગબનનારનો પુરાવો એ મુખ્ય પુરાવો ગણાય અને તેને કોઈ સમર્થનની જરૂર નથી. પરંતુ આ તબકકે એ પણ ધ્યાને લેવુ જરૂરી છે કે જો ભોગબનનારનો પુરાવો સચોટ, સ્પષ્ટ, સુસંગત અને વિશ્વનિય જણાતો હોય તેમજ બનાવ અંગે સાચી હકીકતો જાહેર કરતો હોય તો તેવા પુરાવાને અન્ય કોઈ સાહેદના પુરાવાથી સમર્થન મળવુ આવશ્યક નથી. પરંતુ જો ભોગબનનારનો પુરાવો શંકાશીલ હોય અને તે સુસંગત અથવા તો વિશ્વસનિય કે કડીબધ્ધ રીતે હોવાનું ફલિત થતુ ન હોય અને તે વિશ્વાસ સંપાદન કરતો ન હોય તેમજ તેણીના પુરાવાને અન્ય કોઈપણ સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ ન હોય તો ત્યારે ભોગબનનારના આવા પુરાવાને રૂલ્સ ઓફ પ્રુડન્ટસના નિયમ મુજબ સમર્થનના અભાવે આધાર રાખી આરોપીને આવા ગંભીર ગુનાના કામે તકસીરવાર ઠરાવવુ યોગ્ય નથી. વળી, ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ – ૧૩૯ ની જોગવાઈ ધ્યાને લેતા પણ કોઈપણ હકીકત સાબિત કરવા માટે સાહેદોની સંખ્યા નહીં પરંતુ સાહેદોએ આપેલ પુરાવાની ગુણવત્તા મહત્વની હોય છે. તે જ રીતે ભોગબનનારનો પુરાવો એ બનાવમાં ઈજા પામનારના પુરાવાની સમકક્ષ રાખવામાં આવેલ છે અને તેના પુરાવાનું મુલ્યાંકન પણ તે જ રીતે ચીવટ અને ખંતપુર્વક કરવુ જોઈએ. તેમજ આક્ષેપિત બનાવના તમામ સંજોગો ધ્યાને રાખી પુરાવાનું મુલ્યાંકન કરવુ આવશ્યક છે. તેમજ ભોગબનનારના પુરાવાનો મુલ્યાંકન ફોજદારી ધારાના હાર્દ સમા અન્ય સિધ્ધાંતોને પણ ધ્યાને રાખી કરવુ આવશ્યક છે. આ તબકકે નામ. સુપ્રિમ કોર્ટના નિર્મલ પ્રેમકુમાર અને બીજા વિ. સ્ટેટ રીપ્રેઝેન્ટેડ બાય ઈન્સપેકટર ઓફ પોલીસ, ક્રિમીનલ અપીલ નં. ૧૦૯૮/૨૦૨૪ ના પેરા નં. ૧૧ થી ૧૮ ધ્યાને લેવા જરૂરી છે. જે નીચે મુજબ છે.

**11. Law is well settled that generally speaking, oral testimony may be classified into three categories, viz.: (i) wholly reliable; (ii) wholly unreliable; (iii) neither wholly reliable nor wholly unreliable. The first two category of cases may not pose serious difficulty for the Court in arriving at its conclusion(s). However, in the third category of cases, the**

**Court has to be circumspect and look for corroboration of any material particulars by reliable testimony, direct or circumstantial, as a requirement of the rule of prudence.**

**12. In Ganesan v. State, this Court held that the sole testimony of the victim, if found reliable and trustworthy, requires no corroboration and may be sufficient to invite conviction of the accused.**

**13. This Court was tasked to adjudicate a matter involving gang rape allegations under section 376(2)(g), I.P.C in Rai Sandeep v. State (NCT of Delhi). The Court found totally conflicting versions of the prosecutrix, from what was stated in the complaint and what was deposed before Court, resulting in material inconsistencies. Reversing the conviction and holding that the prosecutrix cannot be held to be a 'sterling witness', the Court opined as under:**

**"22. In our considered opinion, the 'sterling witness' should be of a very high quality and calibre whose version should, therefore, be unassailable. The court considering the version of such witness should be in a position to accept it for its face value without any hesitation. To test the quality of such a witness, the status of the witness would be immaterial and what would be relevant is the truthfulness of the statement made by such a witness. What would be more relevant would be the consistency of the statement right from the starting point till the end, namely, at the time when the witness makes the initial statement and ultimately before the court. It should be natural and consistent with the case of the prosecution qua the accused. There should not be any prevarication in the version of such a witness. The witness should be in a position to withstand the cross-examination of any length and howsoever strenuous it may be and under no circumstance should give room for any doubt as to the factum of the occurrence, the persons involved, as well as the sequence of it. Such a version should have co-relation with each and every one of other supporting material such as the recoveries made, the weapons used, the manner of offence committed, the scientific evidence and the expert opinion. The said version should consistently match with the version of every other witness. It can even be stated that it should be akin to the test applied in the case of circumstantial evidence where there should not be any missing link in the chain of circumstances to hold the accused guilty of the offence alleged against him. Only if the version of such a witness qualifies the above test as well as all other such similar tests to be applied, can it be held that such a witness can be called as a 'sterling witness' whose version can be accepted by the court without any corroboration and based on which the guilty can be punished. To be more precise, the version of the said witness on the core spectrum of the crime should remain intact while all other attendant materials, namely, oral, documentary and material objects should match the said version in material particulars in order to enable the court trying the offence to rely on the core version to sieve the other supporting materials for holding the offender guilty of the charge alleged."**

**(underlining ours, for emphasis)**

**14. In Krishan Kumar Malik v. State of Haryana, this Court laid down that although the victim's solitary evidence in matters related to sexual offences is generally deemed sufficient to hold an accused guilty, the conviction cannot be sustained if the prosecutrix's testimony is found unreliable and insufficient due to identified flaws and lacunae. It was held thus:**

**31. No doubt, it is true that to hold an accused guilty for commission of an offence of rape, the solitary evidence of the prosecutrix is sufficient provided the same inspires confidence and appears to be absolutely trustworthy, unblemished and should be of sterling quality. But, in the case in hand, the evidence of the prosecutrix, showing several lacunae, which have already been projected hereinabove, would go to show that her evidence does not fall in that category and cannot be relied upon to hold the appellant guilty of the said offences.**

**32. Indeed there are several significant variations in material facts in her Section 164 statement, Section 161 statement (CrPC), FIR and deposition in court. Thus, it was necessary to get her evidence corroborated independently, which they could have done either by examination of Ritu, her sister or Bimla Devi, who were present in the house at the time of her alleged abduction. The record shows that Bimla Devi though cited as a witness was not examined and later given up by the public prosecutor on the ground that she has been won over by the appellant."**

**16. What flows from the aforesaid decisions is that in cases where witnesses are neither wholly reliable nor wholly unreliable, the Court should strive to find out the true genesis of the incident. The Court can rely on the victim as a "sterling witness" without further corroboration, but the quality and credibility must be exceptionally high. The statement of the prosecutrix ought to be consistent from the beginning to the end (minor inconsistences excepted), from the initial statement to the oral testimony, without creating any doubt qua the prosecution's case. While a victim's testimony is usually enough for sexual offence cases, an unreliable or insufficient account from the prosecutrix, marked by identified flaws and gaps, could make it difficult for a conviction to be recorded.**

**17. When considering the evidence of a victim subjected to a sexual offence, the Court does not necessarily demand an almost accurate account of the incident. Instead, the emphasis is on allowing the victim to provide her version based on her recollection of events, to the extent reasonably possible for her to recollect. If the Court deems such evidence credible and free from doubt, there is hardly any insistence on corroboration of that version.**

**18. However, an alleged offence of sexual harassment in a public place, as opposed to one committed within the confines of a room or a house, or even in a public place but away from the view of the public, stands on somewhat different premise. If any doubt arises in the Court's mind regarding the veracity of the victim's version, the Court**

**may, at its discretion, seek corroboration from other witnesses who directly observed the incident or from other attending circumstances to unearth the truth.**

૨૩. આમ, સદર કામે ઉપરોકત પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને રાખી ફરીયાદપક્ષે આપેલ પુરાવાનું મુલ્યાંકન કરવુ આવશ્યક છે. આવા પ્રકારના બનાવોમાં સૌથી મહત્વનો પુરાવો એ ભોગબનનારનો પુરાવો છે. આ તબકકે એ હકીકત પણ ધ્યાને રાખવી જરૂર છે કે, સદર કામના ભોગબનનાર બાળા બનાવ સમયે ૧૮ વર્ષ કરતા નાની વયના હતા. જેથી તેણીના પુરાવાનું મુલ્યાંકન પણ તેણીની ઉમર, યાદશકિત તથા તેણીએ ભોગવેલ પીડા ધ્યાને રાખી કરવુ આવશ્યક છે. તેમજ બનાવ સમયે તેણીની સમંતિ હોય તો પણ કાયદાની જોગવાઈ મુજબ તેણીની બૌધ્ધિક ક્ષમતા મુજબ તેણી તેણીના સમંતિના પરિણામો અંગે સમજણ કે જ્ઞાન ન હોય તેણીની સમંતિ સ્વૈચ્છિક સમંતિ છે તેવુ કહી શકાય નહીં. જેથી પણ ભોગબનનારની સમંતિ અસ્થાને છે.

૨૪. આ તબકકે ફરીવાર એ યાદ રાખવુ જરૂરી છે કે આરોપી અને ભોગબનનાર તથા તેણીના માતા–પિતા બનાવની ફરીયાદ પુર્વેથી એકબીજાને ઓળખે છે. તેમજ ભોગબનનાર અને આરોપી સને ૨૦૧૭થી એકબીજાને ઓળખતા હતા. તેવા સંજોગોમાં આરોપીની ઓળખ અંગે કોઈ તકરાર રહેતી નથી. વળી, આ ગુનાની ફરીયાદ તા.૨૮.૦૬.૨૦૨૩ ના રોજ આપવામાં આવેલ છે અને ત્યારબાદ ભોગબનનારની મેડીકલ તપાસ અર્થે લઈ જતા ભોગબનનારને ૨૦ સપ્તાહ કરતા વધુ સમયનો ગર્ભ હોવાની હકીકત ફલિત થયેલી અને તેથી તે સમયે ભોગબનનાર તથા તેણીના માતા પિતાની ભોગબનનારની આ સ્થિતી અંગે જાણકારી મળેલી. આ તબકકે એ નોંધવુ આવશ્યક છે કે, ભોગબનનારને ગર્ભ અન્ય કોઈપણ રીતે રહેલ હોય તેવી હકીકત રેકર્ડ પર આવેલ નથી. વળી, બનાવ

સમયે તેણીની ઉમર અગાઉ જણાવ્યા પ્રમાણે ૧૬ વર્ષ કરતા નાની હતી. જયારે આરોપી પોતે પુખ્ત વયના અને ૨૪ વર્ષની યુવાન અવસ્થાના હતા. વળી, આંક–૬૨ વાળા ડી.એન.એ. રીપોર્ટ ધ્યાને લેતા આરોપી ભોગબનનારના ગર્ભમાં રહેલ બાળકના જૈવિક પિતા હોવાની હકીકત સાયન્ટીફીક પુરાવાથી ફલિત થાય છે. એ સુવિદિત સિધ્ધાંત છે કે, ડી.એન.એ. રીપોર્ટ એ જૈવિક પિતા અંગેનો નિર્ણાયક પુરાવો નથી. પરંતુ એ પણ સુવિદિત સિધ્ધાંત છે કે, જયારે ડી.એન.એ. રીપોર્ટ હકારાત્મક આવે ત્યારે સામાન્ય રીતે તે અંગેનું ખુબજ પ્રેરક અનુમાન થાય કે પુરૂષ એ બાળકનો જૈવિક પિતા છે અને આ અનુમાનના ખંડનની પ્રાથમિક જવાબદારી આરોપીના શિરે રહે છે. સદર કેસમાં આરોપી સિવાય ભોગબનનાર સાથે અન્ય કોઈ પુરૂષ દ્વારા આ પ્રકારના સબંધો બાંધેલ હોય તેવો ફરીયાદપક્ષનો કેસ નથી કે બચાવપક્ષે કોઈપણ સાહેદના પુરાવામાં આવી હકીકત રેકર્ડ પર લાવવામાં આવેલ નથી કે બચાવપક્ષનો બચાવ પણ નથી. જેથી સદર કેસમાં રેકર્ડ પર આવેલ હકીકતો પરથી એવી હકીકત પ્રસ્થાપિત થાય છે કે, આરોપી જ ભોગબનનારના ગર્ભમાં રહેલ બાળકના જૈવિક પિતા હતા અને આરોપી થકી જ ભોગબનનારને ગર્ભ રહેલ.

૨૫. વળી, અગાઉ જણાવ્યા પ્રમાણે આરોપી અને ભોગબનનાર અલગ અલગ હોટલમાં ગયેલ જે ફરીયાદપક્ષે તપાસેલ સાહેદ નં. ૭ થી ૧૦ નો મૌખિક પુરાવો તથા ભોગબનનારનો પુરાવો તથા આરોપી તરફે સાહેદ નં. ૭ થી ૧૦ની તથા ભોગબનનારની ઉલટતપાસ તથા સાહેદ નં.૧૪ આંક–૬૩થી તપાસેલ આ કેસના તપાસ કરનાર અમલદારની ઉલટતપાસ ધ્યાને લેતા એવી હકીકત રેકર્ડ પર લાવેલ છે કે, ભોગબનનાર અને આરોપી અલગ અલગ હોટલમાં ગયેલા તેમજ આંક–૪૪ વાળી ડીવીડી તથા આંક–૨૮

તથા આંક–૭૧ વાળા ફોટાથી પણ એવી હકીકતને સમર્થન મળે છે. આ તબકકે એ નોંધવુ પણ આવશ્યક છે કે સાહેદ નં. ૭ થી૧૦ નાઓએ ભોગબનનાર અને આરોપીને સાથે જતા કે આવતા જોયેલ નથી. પરંતુ સાહેદ નં.૭ આંક–૪૭થી તપાસેલ સાહેદ જયસુખભાઈ સીસારાના પુરાવામાં બચાવપક્ષ એવી હકીકત રેકર્ડ પર લાવેલ છે કે, એક કુટેજમાં ભોગબનનાર મેનેજરને પૈસા ચુકવતા હોય તેવુ દેખાય છે. આ તબકકે એ નોંધવુ પણ આવશ્યક છે કે, ભોગબનનાર બનાવ સમયે સ્કુલમાં અભ્યાસ કરતા બાળા હતા અને સામાન્ય રીતે તેણી સુરતમાં જ પોતાના સ્કુલથી થોડા દુર અંતરે પોતાના માતા પિતા અને ભાઈ સાથે રહેતા હતા જેથી તેણીને એકલા હોટલમાં જવાનો પ્રશ્ન અસ્થાને છે. વળી, હોટલમાં પ્રવેશવાનો સમય અને ત્યાંથી બહાર આવવાનો સમય ધ્યાને લેતા પણ તે ખુદ જ બનાવ અંગે સુચક હોવાનું ફલિત થાય છે. તેવા સંજોગોમાં આરોપી અને ભોગબનનાર સાથે હોટલ રૂમમાં હતા તેવી હકીકત શંકારહિત ફલિત થાય છે.

૨૬. આમ, ફરીયાદપક્ષે આપેલ ઉપરોકત તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તથા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૫૦૬(૨) તથા પોકસો એકટની કલમ–૩(એ) ના ભંગ બદલ કલમ–૪, તથા કલમ–૫(જે)(ii) તથા કલમ–૫(એલ) ના ભંગ બદલ કલમ–૬ અન્વયેના ગુનાની જોગવાઈ ધ્યાને લેતા એ હકીકત ફલિત થાય છે કે, બનાવ સમયે ભોગબનનાર ૧૬ વર્ષ કરતા નાની ઉમરના બાળક હતા જેથી કાયદાકીય રીતે તેમની સમંતિનો પ્રશ્ન અસ્થાને છે. તેમજ તેમની સમંતિ હોવા માત્રથી ગુનાના ગુણદોષમાં કોઈ અસર કરતી નથી. કારણ કે, કાયદાકીય રીતે તેઓ સમંતિ આપવા માટે અસક્ષમ હોવાનું અનુમાન કરવામાં આવે છે. તેવા સંજોગોમાં

ભોગબનનારને તેણીના કુદરતી માતા પિતાની જાણ બહાર અલગ અલગ તારીખે અલગ અલગ જગ્યાએ હોટલમાં લઈ જવાનું કૃત્ય તે સમય પુરતુ ભોગબનનારને તેણીના કાયદેસરના વાલીના વાલીપણામાંથી તેઓની સમંતિ અને મરજી વગર લઈ જવાનું કૃત્ય ગણાય. જેથી પણ આરોપીએ ભોગબનનારનું અપહરણ કરેલ હોવાનું ફલિત થાય છે. વળી, આરોપીએ ભોગબનનાર સાથે આક્ષેપિત દુષ્કર્મ આચરેલ હોવાની હકીકત અગાઉ જણાવ્યા પ્રમાણે ફલિત થાય છે અને આરોપીનું આ પ્રકારનું કૃત્ય ભોગબનનાર સાથે ગેરકાયદેસર રીતે કરેલ હોવાનું પણ ફલિત થાય છે અને તે રીતે બળાત્કારના ગુનાની વ્યાખ્યા તથા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એન) તથા કલમ–૩૭૬(૩) તેમજ પોકસો એકટની કલમ–૩ માં દર્શાવેલ પેનીટ્રેટીવ સેકસ્યુઅલ એસોલ્ટ તથા પોકસો એકટની કલમ–૫ માં દર્શાવેલ એગ્રીવેટેડ સેક્સયુઅલ એસોલ્ટ અને કલમ–૫(જે)(ii) તથા ૫(એલ)ની જોગવાઈ ધ્યાને લેતા તેમજ અગાઉ જણાવ્યા પ્રમાણે પુરાવો ધ્યાને લેતા બનાવ સમયે ભોગબનનાર બાળાની ઉમર ૧૬ વર્ષ કરતા નાની હતી તેમજ ફરીયાદ દાખલ થયા બાદ તેણીનો મેડીકલ ટેસ્ટ કરાવતા તેણીને ૨૦ સપ્તાહ કરતા વધુ સમયનો ગર્ભ હોવાની હકીકત ધ્યાને આવેલ છે. તેમજ ફરીયાદપક્ષે રેકર્ડ પર આવેલ પુરાવો ધ્યાને લેતા આરોપીએ ભોગબનનારને અલગ અલગ હોટલમાં અલગ અલગ સમયે એકથી વધુ વાર લઈ ગયેલ છે. તેવા સંજોગોમાં ભોગબનનાર બાળા સાથે આરોપીએ એક કરતા વધુ વાર શારિરીક દુષ્કર્મ આચરેલ હોવાની હકીકત પણ ફલિત થાય છે. વળી, ભોગબનનાર બાળા બનાવ સમયે નાની ઉમરના હોય અને આરોપી પાસે તેણીના ફોટા કે જે આંક–૨૮ તથા આંક–૭૦થી રેકર્ડ પર રજુ છે. તે ધ્યાને લેતા જો તે તેણીના

માતા પિતાને બતાવવાની ધમકી આપવામાં આવે તો સામાન્ય રીતે આ ઉમરનું બાળકના માનસ પર ભયના સંકેતોનું વાતાવરણ ઉભુ થાય અને તેના કારણે તેણીને આરોપી જે કહે તે પ્રમાણે કરે તો તેણી આરોપીના આવા ભયના ઓથા હેઠળ વર્તન કરેલ છે તેવુ માની શકાય. પરંતુ સમગ્ર પુરાવો ધ્યાને લેતા આ ધમકીથી ભોગબનનારની જાનને જોખમ ઉભુ થયેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

૨૭. બચાવપક્ષે આ અંગે એવો બચાવ પણ લેવામાં આવેલ છે કે, ભોગબનનારે પોતાની ઉમર ૨૦ વર્ષની હોવાનું જણાવેલ અને તે માટે પોતાનો આધાર કાર્ડ આપેલ અને ભોગબનનારની સમંતિ પણ હતી. જેથી પણ આરોપીને આ ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય નહીં.

પરંતુ, બચાવપક્ષની આ દલીલો સ્વીકારી શકાય તેમ નથી. કારણ કે, અગાઉ જણાવ્યા પ્રમાણે એ હકીકત અંગે કોઈ તકરાર નથી કે બનાવ સમયે ભોગબનનાર ધોરણ–૯માં અભ્યાસ કરતા હતા અને તે સમયે તેણીનો મોટો ભાઈ ૧૮ વર્ષની ઉમરનો હતો. વળી, આરોપી ભોગબનનારને ફરીયાદ પુર્વેથી ઓળખે છે. તેવા સંજોગોમાં આરોપીને એ બાબતનો ચોકકસ ખ્યાલ હોય કે કોઈપણ સંજોગોમાં સ્કુલ જતી બાળા ૧૮ વર્ષ કરતા નાની ઉમરની હોય અને સ્કુલ જતી બાળા કોઈપણ સંજોગોમાં ૧૮ વર્ષ કરતા વધુ હોઈ શકે નહીં. વળી, કાયદાકીય રીતે પણ આધાર કાર્ડ એ ઓળખનો પુરાવો છે અને તે જન્મ તારીખ અંગેના સ્વીકૃત પુરાવો નથી. જેથી બચાવપક્ષની આ દલીલ પણ સ્વીકાર શકાય તેમ નથી.

૨૮. વળી, ફરીયાદપક્ષનો એવો કેસ છે કે આરોપીએ પોતાના મોબાઈલમાં ભોગબનનારના ફોટા પાડેલા હોય તે તેણીના માતા

પિતાને બતાવી ધમકાવી લઈ જતો હતો.

જયારે બચાવપક્ષે એવી દલીલ કરેલ છે કે, આ ફોટા તેણીની મરજીથી પાડવામાં આવેલ છે. તથા આ ફોટા કોઈપણ જગ્યાએ વાયરલ કરવામાં આવેલ નથી. તેમજ આંક–૨૮ અને આંક–૭૦થી રજુ ફોટા ધ્યાને લેતા તેમાં ભોગબનનાર સ્માઈલ કરતા તથા સેલ્ફી લેતા પણ દેખાય છે. તેવા સંજોગોમાં ભોગબનનારની સમંતિ હોવાનું પણ ફલિત થાય છે.

સદર કામે બન્ને પક્ષકારો તરફેની ઉપરોકત દલીલો ધ્યાને લીધી તથા આંક–૭૦ વાળા પત્ર સાથે આરોપી તથા ભોગબનનારના આરોપીના મોબાઈલમાંથી મળી આવેલ ફોટા તથા આંક–૭૧ વાળી સીડી ધ્યાને લીધી. સદર કામે જે ફોટા રજુ થયેલ છે તે ફોટાઓ પૈકી ફોટા નં.૫, ૧૦,૧૨ ધ્યાને લેતા તે આરોપી દ્વારા ભોગબનનાર સાથે આચરેલ દુષ્કર્મના સાંયોગિક પુરાવા તરીકે હોવાનું ફલિત થાય છે. વળી, એકવાર દલીલ ખાતર એવુ માનવામાં આવે કે આ ફોટા ભોગબનનારની સમંતિથી પાડવામાં આવેલ છે તો પણ તેનાથી ગુનાની ગંભીરતા ઘટતી નથી. કારણ કે, તે સમયે આરોપી ૨૪ વર્ષની યુવા વયના હતા, જયારે ભોગબનનાર ૧૬ વર્ષ કરતા નાની ઉમરના બાળા હતા અને તે સંજોગોમાં તેણીની બૌધ્ધિક સમજ શકિત અને ક્ષમતા ધ્યાને લેતા તેણીએ આપેલ સમંતિ કાયદા દ્વારા માન્ય સમંતિ ન હોય જેથી પણ તેણીની સમંતિનો પ્રશ્ન અસ્થાને રહે છે.

૨૯. બચાવપક્ષે એવી દલીલ કરવામાં આવેલ છે કે ફરીયાદ દાખલ કરવામાં ખુબ વિલંબ થયેલ છે. જેથી પણ બનાવની ફરીયાદ ઉપજાવી કાઢેલ હોવાનું નકારી શકાય નહીં.

પરંતુ, બચાવપક્ષની આ દલીલ પણ સ્વીકારી શકાય તેમ નથી. કારણ કે, ખુદ બચાવપક્ષ એવી હકીકત

ફરીયાદી/ભોગબનનારની માતાના પુરાવામાં રેકર્ડ પર લાવેલ છે કે, ભોગબનનારના મેડીકલ થયા બાદ તેઓને ખ્યાલ આવેલો કે ભોગબનનારને ગર્ભ રહેલ છે અને ભોગબનનારે તે પુર્વે કયારેય પણ આ અંગે પોતાના માતા પિતાને જણાવેલ નથી, તેવી હકીકત બચાવપક્ષે ભોગબનનારની ઉલટતપાસ દરમ્યાન પણ રેકર્ડ પર લાવેલ છે. તેવા સંજોગોમાં જયારે ભોગબનનારની માતા ફરીયાદીને બનાવની જાણ જ ન હોય ત્યારે બનાવની ફરીયાદ આપવામાં થયેલો કહેવાતો વિલંબ એ કેસના ગુણદોષને સ્પર્શ કરતો ન હોય જેથી બચાવપક્ષની આ દલીલ સ્વીકારી શકાય તેમ નથી.

૩૦. બચાવપક્ષે એવી પણ દલીલ કરવામાં આવેલ છે કે ભોગબનનાર તથા તેણીના માતા પિતાના પુરાવામાં ભોગબનનારને કાંઇક સુંઘાડી લઇ ગયેલાના બનાવ અંગે વિરોધાભાસી હકીકત રેકર્ડ પર આવેલ છે. તેમજ આ બનાવ બનેલ ન હોય તે હકીકતને રેકર્ડ પર ફલિત થાય છે. જેથી પણ ભોગબનનારનો પુરાવો વિશ્વસનિય કહી શકાય નહીં.

બચાવપક્ષની આ દલીલ પણ સ્વીકારવાપાત્ર નથી. કારણ કે, આ વિરોધાભાસ માત્ર આ એક ઘટના પુરતો છે. વળી, અગાઉ જણાવ્યા પ્રમાણે એકવાર બન્ને વચ્ચે પ્રેમ સબંધ હોવાનું પણ અનુમાન કરવામાં આવે તો પણ જયારે ભોગબનનાર બનાવ સમયે ધોરણ-૯ માં અભ્યાસ કરતા અને ૧૮ વર્ષ કરતા નાની ઉમરના હોય ત્યારે તેની સમંતિ જ કાયદાકીય રીતે સ્વીકારવાપાત્ર ન હોય જેથી પણ આ દલીલ સ્વીકારી શકાય તેમ નથી.

૩૧. આમ, ફરીયાદપક્ષે તપાસેલ ભોગબનનાર તથા તેના માતા-પિતાનો પુરાવો ધ્યાને લેતા તે ફરીયાદ પક્ષના કેસ સાથે સ્પષ્ટ, સચોટ અને સુસંગત તથા એકબીજાએ સોગંદ પર કહેલી

હકીકતોને સમર્થનકારી હકીકતો જણાવેલ. જેથી તેઓનો પુરાવો સ્પષ્ટ, સચોટ, સુસંગત અને વિશ્વસનિય ફલીત થાય છે તેમજ ભોગબનનારનો પોતાનો પુરાવો પણ સ્વયં સ્પષ્ટ અને વિશ્વસનીય ફલીત થાય છે અને જેથી તેણીના એકના પુરાવા પર પણ આધાર રાખી શકાય તેમ છે. વળી આ ભોગબનનારના પુરાવાને અન્ય સાહેદોના પુરાવામાંથી પણ સમર્થન મળે છે જે ફરીયાદ પક્ષના કેસ સાથે સુસંગત અને વિશ્વસનીય ફલીત થાય છે. વળી પોક્સો એક્ટની કલમ–૨૯ અને ૩૦ ની જોગવાઈ મુજબ આરોપી વીરૂદ્ધ ગુનો આચરેલ હોવાનું તથા ગુના આચરતા સમય આરોપીની ગુનાહીત માનસિકતા અંગે કરેલા અનુમાનો અંગેની જોગવાઈ તથા ફરીયાદ પક્ષના પુરાવાને ધ્યાને લેતા તે અનુમાનો કરવા માટે પુરતો અને પર્યાપ્ત પુરાવો રેકર્ડ પર ફલીત થાય છે. આ અનુમાનોનું ખંડન કરવાની જવાબદારી આરોપી પક્ષ પર છે પરંતુ અગાઉ જણાવ્યા પ્રમાણે બચાવપક્ષ આ અનુમાનોનું ખંડન કરવામાં નિષ્ફળ રહેલ છે અને ફરીયાદપક્ષના પુરાવા દરમ્યાન આરોપીએ આ આક્ષેપિત ગુનાહીત કૃત્ય આચરેલ ન હોય અથવા તો ફરીયાદ પક્ષે આપેલ પુરાવામાં શંકા પ્રરીત કરે તેવી મહત્વની કોઈ હકીકત બચાવ પક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. જેથી ઉપરોકત તમામ સંજોગોમાં તથા ફરીયાદ પક્ષે રેકર્ડ પર આવેલ પુરાવા પરથી આરોપીએ ભોગબનનાર કે જેણી બનાવ સમયે ૧૫ વર્ષ ૦૮ માસ અથવા ૦૯ માસની ઉમરની હોવાનું એટલે કે ૧૬ વર્ષ કરતા નાની ઉમરના હોવાનું જાણવા છતાં આટલી નાની ઉંમરની બાળા સાથે આરોપીએ તેણી સાથે શારિરીક દુષ્કર્મ આચરેલ છે. તેમજ તેણીને ગર્ભવતી બનાવેલ છે અને તે સમયે આરોપીનો ઈરાદો ઉપરોકત ગુનો આચરવાનો હોવાનું ઉપરોકત સંજોગોમાં શંકાથી પર અને કડીબધ્ધ રીતે સાબિત થતુ હોય, જેથી

ફરીયાદપક્ષે ઉપરોકત તમામ પુરાવાઓ મુજબ આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૫૦૬ તથા પોકસો એકટની કલમ–૩(એ) ના ભંગ બદલ કલમ–૪, તથા કલમ–૫(જે)(ii) તથા કલમ–૫(એલ) ના ભંગ બદલ કલમ–૬ મુજબના શિક્ષાપાત્ર ગુનો આચરેલ હોવાની હકીકત ફરીયાદપક્ષે આપેલ પુરાવા પરથી શંકારહિત સાબિત કરવામાં સફળ રહેલ હોય જેથી **મુદ્દા નં.૨** નો જવાબ તે પ્રમાણે **અંશતઃ હકારમાં** આપું છું.

આમ, ફરીયાદપક્ષે આપેલ ઉપરોકત પુરાવા પરથી આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૫૦૬ તથા પોકસો એકટની કલમ–૩(એ) ના ભંગ બદલ કલમ–૪, તથા કલમ–૫(જે)(ii) તથા કલમ–૫(એલ) ના ભંગ બદલ કલમ–૬ મુજબનો ગુનો સાબિત થતો હોય જેથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) ની જોગવાઇ મુજબ આરોપીને ઉપરોકત ગુનાના કામે તકસીરવાન ઠરાવું છું.

પરંતુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) ની જોગવાઇ તથા કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ આરોપીને સજા કરતા પુર્વે સાંભળવાની તક આપવી જરૂરી હોય જેથી આરોપીને સજા અંગે સાંભળવા પર મુલત્વી.

આજ તારીખઃ **૧૧મી** માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૩/૨૦૨૬ **(હિતેષકુમાર મુકુંદરાય વ્યાસ)**
સુરત. ૬ઠ્ઠા એડી.સેશન્સ જજ તથા જજશ્રી સ્પે.કોર્ટ (પોકસો) સુરત.
જજ કોડ– જી.જે.૦૦૮૩૪

**સજા અંગે સાંભળ્યા બાદ હુકમઃ-**

૩૨. સદર કામે આજરોજ આ અદાલતે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૫૦૬ તથા પોકસો એકટની કલમ-૩(એ) ના ભંગ બદલ કલમ-૪, તથા કલમ-૫(જે)(ii) તથા કલમ-૫(એલ) ના ભંગ બદલ કલમ-૬ મુજબના ગુનાના કામે તકસીરવાર ઠરાવેલ છે.

ત્યારબાદ આરોપી નામ. કોર્ટની ન્યાયિક હિરાસતમાં હોય તેને વર્ચુઅલ હિયરીંગથી સાંભળવાની તક આપતા આરોપીએ એવી રજુઆત કરેલ છે કે તેણે કોઇ ગુનો કરેલ નથી. તેઓ વચ્ચે જે કાંઇ બનેલ છે તે સમંતિથી બનેલ છે અને આધાર કાર્ડ મુજબ તેણી ૨૦ વર્ષ કરતા વધારે ઉમરની હતી.

આરોપી તરફે એલ.એ.ડી.સી. શ્રી એ. એન. પંચોલી નાઓએ એવી રજુઆત કરે છે કે, આરોપી નાની ઉમરના છે. તેઓ ગરીબ છે અને પરિવારમાં કમાનાર કોઇ વ્યકિત નથી અને પરિવારની જવાબદારી તેમના શિરે છે અને જેથી તેઓને ઓછામાં ઓછી સજા કરવા તથા ભોગવેલ સજા મજરે આપવા વિનંતિ કરેલ છે.

ફરીયાદપક્ષે વિ. એ. પી. પી. શ્રી વી. એલ. ફળદુ નાઓએ એવી રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ પુરવાર કરવામાં સફળ રહેલ છે.ત્યારે આવા પ્રકારના ગુનાઓનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહેલ છે. આરોપીઓ નાની બાળાઓનો અબુધપણા અને ભોળપણાનો લાભ લઇ ફોસલાવી લલચાવી બદકામ કરે છે અને તેના કારણે સગીર બાળાઓનું જીવન ક્ષય થઇ જાય છે. તેવા સંજોગોમાં આવા ગુનાઓ બનતા અટકે અને આવા ગુનાઓ કરનારને સબક મળે અને સમાજમાં આવી બાળાઓ મુકત મને જીવી શકે તેવા હેતુસર કાયદામાં

જણાવેલ મહત્તમમાં મહત્તમ સજા કરવી જોઈએ અને દંડ કરવો જોઈએ અને ભોગબનનારને યોગ્ય વળતર આપવા રજુઆત કરેલ છે.

૩૩. સદર કામે બન્ને પક્ષકારોની દલીલો સાંભળી તથા કેસના સંજોગો ધ્યાને લીધા. આ કામના આરોપીનો કોઈ પુર્વ ગુનાહિત ઈતિહાસ હોય તેવી હકીકત રેકર્ડ પર આવેલ નથી કે આજદિન સુધી ફરીયાદપક્ષે રજુ કરેલ નથી. પોકસો એકટની કલમ—૬ ની જોગવાઈ ધ્યાને લેતા તેમાં મહત્તમમાં મહત્તમ સજા દેહાંત દંડની છે. પરંતુ આરોપી સામેના આક્ષેપોનું સ્વરૂપ ધ્યાને લેતા તથા નામ. સુપ્રિમ કોર્ટના આ અંગેના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતા આરોપીને દેહાંત દંડની સજા કરી શકાય તેવો આ રેરેસ્ટ ઓફ રેર નો કેસ નથી. પરંતુ અગાઉ જણાવ્યા પ્રમાણે બનાવ સમયે ભોગબનનાર બાળા સ્કુલ જતી બાળા હોવાનું આરોપી જાણતા હતા અને આરોપી પોતે પુખ્ત વયની ઉમરના હતા આમ છતાં ભોગબનનાર બાળા સાથે એક કરતા વધારે વાર દુષ્કર્મ આચરી તેણીને ગર્ભવતી બનાવેલ હોય, આમ ફરીયાદપક્ષે રેકર્ડ પર આવેલ પુરાવો ધ્યાને લેતા આરોપીએ સગીર વયની બાળા સાથે ગંભીર પ્રકારનું ગુનાહિત કૃત્ય આચરેલ છે. વળી, આ પ્રકારના બનાવોમાં જયારે આરોપી પુખ્ત વયની ઉમરના હોય ત્યારે તેઓની સમજણ શકિત ભોગબનનાર બાળા કરતા વધુ હોય છે. જેથી આરોપીએ આચરેલ ગુનાની ગંભીરતા સમજાય તે રીતે તેમને સજા કરવી યોગ્ય જણાઈ આવે છે. વળી, આ તબકકે એ પણ ધ્યાને લેવુ જરૂરી છે કે, આરોપીએ કરેલ ગુનાના ગંભીરતા ધ્યાને લઈ તેને આચરેલા ગુનાના સપ્રમાણમાં સજા કરવી યોગ્ય અને ન્યાયિક જણાતુ હોય જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

તેમજ, કેસની હકીકત અને સંજોગો ધ્યાને લેતા પોકસો

એકટની કલમ – ૩૩ (૮) અને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭ તથા પોકસો એકટ રૂલ્સ ૨૦૨૦ ના નિયમ ૯ અને ગુજરાત વિકટીમ કોમ્પનસેશન સ્કીમ ૨૦૧૯ ની જોગવાઈ ધ્યાને લેતા તેમજ આ કામે ભોગબનનાર તથા તેણીના માતા–પિતાને થયેલી શારિરીક તેમજ માનસિક યાતના તેમજ હવે પછી તેણીની સમાજમાં થતી ઉપેક્ષાનું પરિબળ ધ્યાને લઈ તેમજ તેઓનો સ્વમાનભેર જીવન જીવવાને ઉજળી તક મળી રહે અને ભોગબનનાર બાળકના ભવિષ્ય પણ સુદ્રઢ બને તે હેતુથી તેઓને યોગ્ય વળતર અપાવવાનો હુકમ કરવો ન્યાયી જણાય છે. આથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## આખરી હુકમઃ–

૧. આ કામના આરોપી–**પપ્પુકુમાર રાધેશ્યામ ગુપ્તા,** ઉ.આ.વ.૨૪, ધંધો–મજુરીકામ,રહેઃ–મદનભાઈ ગુપ્તાની ગણેશ પસ્તી ભંડાર નામની દુકાનમાં વ્રજભુમિ બસ પાર્કિંગમાં લટુરીયા ચોક પાસે, સરથાણા, સુરત નાઓને સરથાણા પોલીસ સ્ટેશન એ. ગુ. ર. નં. ૧૧૨૧૦૦૦૮૨૩૧૩૭૦/૨૦૨૩થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૫૦૬ તથા પોકસો એકટની કલમ–૩(એ) ના ભંગ બદલ કલમ–૪, તથા કલમ–૫(જે)(ii) તથા કલમ–૫(એલ) ના ભંગ બદલ કલમ–૬ મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામે તકસીરવાર ઠરાવવામાં આવે છે.

આ કામના આરોપી– **પપ્પુકુમાર રાધેશ્યામ ગુપ્તા** નાઓને સરથાણા પોલીસ સ્ટેશન એ. ગુ. ર. નં. ૧૧૨૧૦૦૦૮૨૩૧૩૭૦ /૨૦૨૩થી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩ મુજબના ગુનાના કામે

તકસીરવાર ઠરાવી **સાત (૦૭) વર્ષની સખત કેદની સજા તથા રૂ. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે, અને જો આરોપી દંડ ન ભરે તો વધુ ૦૨(બે) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.**

**તથા**

આ કામના આરોપી– **પપ્પુકુમાર રાધેશ્યામ ગુપ્તા** નાઓને સરથાણા પોલીસ સ્ટેશન એ. ગુ. ર. નં. ૧૧૨૧૦૦૦૮૨૩૧૩૭૦/૨૦૨૩થી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૬ મુજબના ગુનાના કામે તકસીરવાર ઠરાવી **દસ (૧૦) વર્ષની સખત કેદની સજા તથા રૂ. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે, અને જો આરોપી દંડ ન ભરે તો વધુ ૦૨(બે) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.**

**તથા**

આ કામના આરોપી– **પપ્પુકુમાર રાધેશ્યામ ગુપ્તા** નાઓને સરથાણા પોલીસ સ્ટેશન એ. ગુ. ર. નં. ૧૧૨૧૦૦૦૮૨૩૧૩૭૦/૨૦૨૩થી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬ મુજબના ગુનાના કામે તકસીરવાર ઠરાવી **બે(૦૨) વર્ષની સાદી કેદની સજા તથા રૂ. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે, અને જો આરોપી દંડ ન ભરે તો વધુ ૦૨(બે) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.**

**તથા**

આ કામના આરોપી– **પપ્પુકુમાર રાધેશ્યામ ગુપ્તા** નાઓને સરથાણા પોલીસ સ્ટેશન એ. ગુ. ર. નં. ૧૧૨૧૦૦૦૮૨૩૧૩૭૦/૨૦૨૩થી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) અન્વયે **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એન)** મુજબના ગુનાના કામે તકસીરવાર ઠરાવી **આજીવન કેદની સજા તથા રૂ. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે, અને જો આરોપી દંડ ન ભરે તો વધુ ૦૨(બે) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.**

**તથા**

આ કામના આરોપી– **પપ્પુકુમાર રાધેશ્યામ ગુપ્તા** નાઓને સરથાણા પોલીસ સ્ટેશન એ. ગુ. ર. નં. ૧૧૨૧૦૦૦૮૨૩૧૩૭૦/૨૦૨૩થી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૩) મુજબના ગુનાના કામે તકસીરવાર ઠરાવી **આજીવન કેદની સજા તથા રૂ. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે, અને જો આરોપી દંડ ન ભરે તો વધુ ૦૨(બે) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.**

**તથા**

આ કામના આરોપી– **પપ્પુકુમાર રાધેશ્યામ ગુપ્તા** નાઓને સરથાણા પોલીસ સ્ટેશન એ. ગુ. ર. નં. ૧૧૨૧૦૦૦૮૨૩૧૩૭૦/૨૦૨૩થી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) અન્વયે **પોકસો એકટની કલમ–૩(એ) ના ભંગ બદલ કલમ–૪(૨)** મુજબના ગુનાના કામે તકસીરવાર ઠરાવી **આજીવન કેદની સજા તથા રૂ. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા**

**દસ હજાર પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે, અને જો આરોપી દંડ ન ભરે તો વધુ ૦૨(બે) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.**

**તથા**

આ કામના આરોપી– **પપ્પુકુમાર રાધેશ્યામ ગુપ્તા** નાઓને સરથાણા પોલીસ સ્ટેશન એ. ગુ. ર. નં. ૧૧૨૧૦૦૦૮૨૩૧૩૭૦/૨૦૨૩થી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) અન્વયે **પોકસો એકટની કલમ–૫(જે)(ii) તથા કલમ–૫(એલ) ના ભંગ બદલ કલમ–૬** મુજબના ગુનાના કામે તકસીરવાર ઠરાવી **આજીવન કેદની સજા તથા રૂ. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે, અને જો આરોપી દંડ ન ભરે તો વધુ ૦૨(બે) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.**

**૨.** આ કામના આરોપીને કરેલી ઉપરોકત તમામ સજાઓ એકસાથે ભોગવવી તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ની જોગવાઈ અન્વયે તેઓએ ન્યાયિક હિરાસતમાં ગાળેલો સમયગાળો તેઓને કરવામાં આવેલ સદર કેદની સજાના હુકમ સામે મજરે આપવો.

**૩.** આ કામે આરોપીએ દંડની કુલ રકમ **રૂ. ૬૫,૦૦૦/–** (**અંકે રૂપિયા પાંસઠ હજાર પુરા**) ચુકવવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપી દંડની રકમ ભર્યેથી ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૭૬(૩) તથા પોકસો એકટની કલમ– ૪ (૩) તથા કલમ–૬ (૨) અન્વયે તેમાં જણાવેલ ઉદેશ્ય માટે ભોગબનનારને ચુકવી આપવી.

**૪.૧** વધુમાં, ગુજરાત ની ભોગ બનનારને વળતર માટેની યોજના,

૨૦૧૯ ના નિયમો તથા શેડ્યુલના અનુક્રમ નં. ૯ તેમજ નિયમ – ૯ (૫) અનુસાર, **<u>અપીલ પીરીયડ બાદ</u>** આ કામના **ભોગ બનનારને ₹ ૬,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા છ લાખ પૂરા)** અપીલ સમય બાદ અથવા અપીલના કામે થયેલ હુકમને આધિન ચૂકવી આપવા હુકમ કરવામાં આવે છે અને જો આરોપીએ દંડ ભરેલ હોય અને તે રકમ ભોગબનનારને ચુકવી આપેલ હોય તો, બાકીની વળતરની રકમ ચૂકવવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય, સુરતને આથી હુકમ કરવામાં આવે છે.

**૪.૨** ગુજરાતની ભોગ બનનારને વળતર માટેની યોજના, ૨૦૧૯ ના નિયમોના નિયમ– ૧૧(૩) અનુસાર, ભોગ બનનારને ઉપરોક્ત ચૂકવવાપાત્ર વળતરની રકમ પૈકી ૮૦% રકમ ભોગ બનનારના નામે, ત્રણ વર્ષના સમયગાળા માટે ભોગ બનનારના અથવા તેણીના કાયદેસરના વાલીની પસંદગીની કોઈ પણ રાષ્ટ્રિયકૃત બેંકમાં બાંધી મુદતની થાપણ તરીકે મૂકવી, જ્યારે બાકી રહેતી ૨૦% (વીસ ટકા) રકમ ભોગ બનનારને એકાઉન્ટ પેઈ ચેકથી તેણીની ઓળખની ખરાઈ કરી નિયમોનુસાર ચૂકવી આપવી.

**૪.૩** ગુજરાતની ભોગ બનનારને વળતર માટેની યોજના, ૨૦૧૯ ના નિયમોના નિયમ – ૧૧(૪) અનુસાર, ઉપરોક્ત બાંધી મુદતની થાપણ ઉપર વખતોવખત જમા થતું વ્યાજ આપોઆપ ભોગ બનનારના બચત ખાતામાં જમા કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૪.૪** ભોગ બનનાર કે તેના કાયદેસરના વાલી અત્રેની અદાલતની પૂર્વ પરવાનગી વિના ઉપરોક્ત બાંધી મુદતની થાપણ ઉપાડી શકશે નહીં કે તે ઉપર કોઈ ધીરાણ મેળવી શકશે નહીં કે બોજો ઉત્પન્ન કરી શકશે નહીં.

**૪.૫** સદર ગુનાના અનુસંધાને જો ભોગ બનનારને અગાઉ કોઈ વળતરની રકમ ચૂકવવામાં આવેલ હોય તો, ઉપરોક્ત નિયત કરેલ

વળતરની રકમમાંથી અગાઉ ચૂકવેલ રકમ બાદ કરીને બાકી રહેતી રકમ આ હુકમના પેરા–૪(૧) તથા ૪(૨) અનુસાર ચૂકવવાનો હુકમ કરવામાં આવે છે.

**૫.** આ હુકમની નકલ આરોપીને તેમજ ભોગબનનાર/વાલીને વિના મુલ્યે પુરી પાડવી.

**૬.** અપીલ સમય વિત્યા બાદ બિન કિમતી મુદ્દામાલનો નાશ કરવો, અન્યથા અપીલ અદાલતના હુકમ આધીન નિકાલ કરવો. તેમજ કિમતી મુદ્દામાલ મોબાઈલ લગત અલગથી ઈન્કવાયરી કરવી.

**૭.** **ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૫** અન્વયે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરત શહેરનાઓને આ ચુકાદાની નકલ મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

**૮.** આરોપી ન્યાયિક હિરાસતમાં હોય જેથી તેમની સજા હુકમની અમલવારી માટે સજા વોરંટ ભરી આગળની કાર્યવાહી કરવી.

આજ તારીખઃ **૧૧મી** માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૩/૨૦૨૬ **(હિતેષકુમાર મુકુંદરાય વ્યાસ)**
સુરત. ૬ઠ્ઠા એડી.સેશન્સ જજ તથા જજશ્રી સ્પે.કોર્ટ (પોકસો) સુરત.
જજ કોડ– જી.જે.૦૦૮૩૪